લાલ દીવો



[illegible]

લાલ દીવો

અથવા

ભાગ્યહીન ભિખારણ

લેખક

શિક્ષક ખંડેરાવ માનાજી પવાર

જાળંધર-સતિવૃંદા, નરપિશાચ, ભિષ્મ, પતિજ્ઞા વિગેરેના કર્ત્તા

પ્રકાશક

જેકીશનદાસ ત્રિભુવનદાશ બ્રોસ.

બુકસેલર એન્ડ પબ્લીશર.

ઠા. તારઓફિસ સામે-સુરત.

પ્રથમાવૃતિ   પ્રત ૧૦૦૦

સને ૧૯૨૧   સંવત ૧૯૭૭

કિંમત ૦-૬-૦

સુરત-સ્ટેશન રોડ, તાર ઑફીસની સામે આવેલા શ્રી "મહાશક્તિ" પ્રીન્ટીંગ વર્કસમાં ચંપકલાલ ગીરધરલાલ જરીવાળાએ છાપ્યું.

અમદાવાદ
"હમારા બહાર પડેલા લોકપ્રિય પુસ્તકોની યાદી"
રાતી કૉપીરાઈટ-સંગ્રહ

ગુજરાતી" ગાયનમાળા પ્રથમ ખણ્ડ	૦—૬—૦
"ગુજરાતી" ગાયનમાળા દ્વિતિય ખણ્ડ	૦—૬—૦
"ગુજરાતી ગાયનમાળાં તૃતિય ખણ્ડ	૦—૬—૦
"ગુજરાતી" ગઝલસાગર	૦-૧૦—૦
મનરંજન ગાયન સંગ્રહ	૦—૪—૦
ચતુરસુંદર સ્ત્રી વિલાસ (સચીત્ર)	૧—૦—૦

વીરાંગનાની વિભૂતિ

અથવા

મેવાડનો ભાગ્ય રવિઅસ્ત સચિત્ર નવલકથા છપાય છે.

સોલસતી અથવા આર્યા ચારિત્રા વળી સચિત્ર છપાય છે.

વીસમી સદી કાવ્યમાળા હવે પછી છપાશે.

કળીયુગની દ્રૈપદી

યાને

પંદરપતીએ પતિવ્રતા સતી ૦—૪—૦

એ સિવાય શાળામાં ચાલતી બુકો. તેના અર્થ નૉવલો ગજલો નાટકો વિગેરે વિગેરે મળશે.

જેકીશનદાશ ત્રિભુવનદાશ પટેલ.

બુકસેલર અને પબ્લિસર

ઠા૦ તારઑફિસ સામે સુરત.

લાલ દીવો.

હરિગીત

ભિખારણુ:—

નાદાની રોળી રમતમાં બોળી જુવાની જારીમાં,
ઘડપણમહીં તફડયા કરે છે મોતની મહામારીમાં.
રે ઝેરી ખંજર ઝઝુમતું યમદુતનું સૌ શિર પરે,
ઓ આ પડયું, આ પડયુ કે, પણ માર્ગના સાચો ધરે. ૧
જાલીમ જુવાની જારીનો જે જંગી જંગ જગાવતી,
તન મન અને ધન ભસ્મ કરીને ઝાર ઝાર રડાવતી.
જો સમય ખાએસમયને એસમય ક્રુર અસરછે
છે સમયવિજયી કોક જેમાં શુરનુર ભરપુર છે. ૨
સંસારીઓના માર્ગમાં છે ખાતાના ખાડા ઘણા,
ત્યાં ઠોકરાઈ સુધરતા શાણા જનો દુનીઆ તણા.
ઉપદેશ રૂપી લાલ દીવો છે જુવાની કારણે.
ના ચેતશો તો અંતમાં તાળાં વસાશે બારણે. ૩
અજ્ઞાન કેરી આગગાડી આંખ મીંચી દોડશે,
કંઇ હિંદ કેરાં બાળ છુંદી જીવનદોરી તોડશે.
આભયસૂચવતો લાલદીવોઅંધથઇ ભાળેનહિ
કરીને અનર્થો કારમા દુઃખનાં ડુંગર ખાળેનહિ ૪

એકસ્ત્રી:—

"ઉપદેશ રૂપી લાલ દીવો" સાંભળી વિસ્મય થઈ,
સો કામને પડતાં મૂકી હું બારણે આવી રહી.
ઉભી ભિખારણ આંગણે એ કરુણ ગીત ગાતી હતી,
નિજ અશ્રુની ધારા વતી ભર ઉનાળે ન્હાતી હતી. ૫

ફાટાં તુટાં વસ્ત્રો હતાં ને જીગર પણ ફાટયું હતું,
એ ફાટીફાટી આંખ માંહે સ્પષ્ટ જોવાતું હતું,
કરઅંગુલી ઝાલી ભિખારણ બાળ સંગે ચાલતો,
નિજ માત રડતી ભાળીને તે ઉષ્ણ આંસુ ઢાળતો. ૬

તે બાળ કેરા હૃદયમાં ના મા સમાં જખમો હતાં,
પણ એક લોહી સાબિતીનાં ચિન્હ સૌ જાગૃત થતાં.
દળદર મહીં ડુબી છતાં કાંતિ અસલની ઓપતી,
જો મેઘ માળા ચંદ્ર છુપવે પણ કળા ના લોપતી. ૭

સુતમાત રડતાં ભાળીને દીનદાઝ અંતરમાં ધરી,
મેં પાણી પાયું શીતળું પરસાળમાં લાવી કરી.
ભૂખ્યાં હતાં સુતમાત બે સંતોષી ભુંડી ભૂખને
કયાંથી રૂઝાવું બાઇનાં તાજાં જખમનાં દુઃખને ? ૭

દુઃખ જાણવા તે બાઇનાં આગ્રહ અતિશય મેં કર્યો,
શરમાઇને તે બાઇએ નાકારનો પડદો ધર્યો.

તે જાણવા મેં હઠ કરી તવ બાઇ મુખથી ઉચરી.
"રે ! વાત મારી સાંભળી ધિક્કારશો કરશો પરી" ૮
હું પાપિણીના અંગમાં વિષપાપનો સંપર્ક છે,
હિન ભાગિની જીવતાં જીવતરે ! "નર્ક માંહે ગર્ક છે"
હું શાંત વાણી ઉચરી કાંઈ વિમાસણ ના ધરો,
મનમહીંથી ભય પરહરો મનવાતને સાદર કરો. ૯

ભિખારણ:—

બ્રાહ્મણ તણી હું બેટડી ગુજરાત ભૂમિ નામ છે.
મુજ જાતને જનની જમીનનાં નામ તેવાં કામછે.
માબાપનું મુખ જોયું નાસુખ તેમનું કયાંથી મળ્યું?
કો ઝોળીના દુખીઆં કદી સુખીઆં થયાંનું સાંભળ્યું? ૧૦
હું શ્વસુરગૃહે ઉછરી તે વિણ સગું નહોતુ છતું,
મેં નજર નાખી ન્યાળી જોયું જગત સાસરીયું હતું.
સૌ શાણપણમાં શૂર સાસુ શ્વસુર સુર સુરલોકનો.
મુજ નણંદના નખરા નવા ને પતિ પાપી પેટનો ૧૧
રે ! પતિ સંગે પતિસુખ હું પરાણે પામી નહિ !
અમ હૃદય કેરી શૃંખલા રે ! પરસ્પર જામી નહિ !
વરસો વીત્યાં દસબાર પણ સંતાન મુખ જોયું નહિ
બદનામ ચોંટયું વાંઝણીનું દુઃખ હરે કોયું નહિ. ૧૨

કો વાંઝણી નિજ પતિ પ્રેમે આત્મ દુઃખ વિસારતી,
સ્થિતિ વિચારી લક્ષ્મીની આનંદ મન વિસ્તારતી.
હું દીનહીનને જ્ઞાન ના કંઈ ભજન ભકિત ધ્યાન ના
સંસારનું પણ ભાન ના બે કાન પણ કંઇ સાન ના ૧૩

મુજ સ્વામીનો જીવલગ સખા વાજાળને વરણાગીઓ
સંગીતમાં પૂરો કુશળ અમ સુખ દુઃખનો ભાગીઓ
વળી તાન ટપ્પામાં પતિને વશ કરી લીધા હતા,
બે એક માના પુત્ર પેઠે કામ સૌ કીધાં હતાં. ૧૪

તે બોલવા મથતો બહુ પણ બોલ હુ ના પાળતીં
"પર પૂરૂષ સાથે વાત શી" ? સ્રી ધર્મ એવો પાળતી.
મમ દેવયોગે મહાવ્યાધિ ઘર કરી મુજમાં રહયો.
નવ માસ પાથરણે પડી પરિતાપ મેં અનહદ સહ્યો ૧૫

બહુ ખંત રાખી દવાદારૂ "મિત્ર" મુજ પતિનો કરે,
ચિંતા અધિક સૌથી કરે ને જાગરણથી ના ડરે.
ઉપકાર પણ વધતો ગયો મમ શરમ પણ છુંટતી ગઇ
ઉપકાર તેના મમ હૃદયમાં પ્રેમથી ઘુંટતી થઇ. ૧૬

સુખ માગતા મૃત્યુ મળેના યંક વિધિની ના ટળે,
જગત્વાયરા જો હોય બાકી જીવનદોરી કાં બળે ?
સાસુ તણું સુખ ભાગ્યમાં ના મરણને તે શરણ થઇ
બહુ કનડગત કરનાર નણદલ સાસરે તેને ગઇ. ૧૭

જવ ઘર પડયું મારે શિરે સુખની ઘડી નજરે પડી
મૃગજળ સમી દીઠી ન દીઠી દુઃખ ઘડી આવી ચડી
સૌભાગ્ય સુરજ સ્વામી મારા સ્વર્ગમાં સોધાવીઆ
લુખાસુકા મમ ભોગ ભૂડાં ભાવિને નવ ભાવીઆ. ૧૮

મમ કર્મ ભોગે શ્વસુર કંઈ સરકારી કામે દુર ગયા
ઘર સોંપી મુજને **મિત્રને** દસબાર દી અળગા થયા.
એ **મિત્ર** પતિનો આવીને બેચાર દિનમાં મળી જતો
આનંદ વાત સુણાવીને નિજ કામ ભેળો ભળી જતો ૧૯

જ્યાં ખેલ નામાંકિત થતો **શીરીં** અને **ફેરહાદનો**
નર નારીઓ જોવા જતાં નટ, નૃત્ય, ગાયન, વાદનો
ટોળે મળે જ્યાં નારીઓ ત્યાં બયાન નાટકનું કરે,
સુણીને પ્રશંસા તેમની જોવા બીજીએ સંચરે. ૨૦

લાગી લગન જોવા તણી પણ વાત કો આગળ કરૂં
સુનું મૂકી ઘર રાતના કઇ બાઈ સાથે સંચરૂ ?
જવ મિત્ર પતિનો આવીયો વાતો ઉકેલી અવનવી,
થઈ વાત પરથી વાત તે **શીરીં** અને **ફેરહાદની** ૨૧

સહુ વાતમાં ને વાતમાં મરજી મમ જાણી લીધી,
તે નવીન નાટક પેખવા ઉશ્કેરણી ભારે કીધી.
'પર પુરૂષ કેરા સંગમાં અબળા અકેલી જાય ના.
જો હૃદય હોયે શુદ્ધ તોએ જગ વિરૂદ્ધ વર્તાય ના' ૨૨

ગઇ એમ આનાકાની કરતાં મિત્ર સંગે કંઇ ઘડી,
ગાળી, છતાં ટાળી શકી ના, વાછના અંતે નડી !
મન રહ્યું ના મમ કાબુમાં, જોવાતણો નિશ્ચય કર્યો
પર પુરૂષ સાથે કેમ જાવું એજ મન ખટકો રહ્યો ૨૩
લેવા પુરૂષનો વેષ મુજને મિત્રએ આગ્રહ કર્યો,
અબળા છતાં પ્રબળા બની મેં સ્વાંગ મર્દનો આદર્યો
લઇ ધોતીયું હીરકાનીનું બંડી બદનલીધાં સજી
દુનિયા વિરૂધ્ધ મેં વર્તવાને શરમને દીધી તજી ૨૪
ડગલો સજ્યો મેં અંગ પર ને ગળે ખેસ વિંટાળીઓ
ફેંટો લપેટી શિર ઉપર મેં લોકભયને ખાળિયો.
રજની હતી કાળી વળી મમ કૃત્ય પણ કાળાં હતાં
રે ! અષ્ટ અંગે હૃદય સંગે કંપના ચાળા હતા. ૨૫
પણ અંતરાત્મા બોધ મારા મન મહીં ના ઉતરે !
હિત સૂચના આત્માતણી માને જનો ભવજલ તરે
મન મારવા બદલે અરે ! મેં અંતરાત્મા મારીયો !
મેં પુરૂષ વેશે મિત્ર સંગે બારણે પગ કાઢીયો. ૨૬
અંધારી રાતે પુરૂષ ઠાઠે મિત્ર સાથે હું ગઇ,
અમ ઉભય બેઠાં સાથસાથે પ્રેક્ષકો ભેગાં જઇ.
આશક હતો શીરીં ઉપર હરહાદ પુરા પ્રેમથી,
સ્વાધીન કરવા શીરીંને ડુંગર ખણ્યો વીર નેમથી ૨૭

શ્રમને સહ્યાં કષ્ટો ખમ્યાં, ઘા વેઠીયા પ્રિય કારણે,
પ્રિયમિલનની લાગી લગન સોંપ્યું જીવન ચરણે પારણે.
મુખથી **શીરીં** રટતો હતો ગિરિકંકરો ખણતો હતો,
પાષાણગિરિનો ભંગ કરીને પ્રેમગિરિ ચણતો હતો. ૨૮

સત્પ્રેમગિરિની દિવ્યતા જોઇ **શીરીં** અંજાઇ ગઇ !
પલમાં પતંગની પેઠ પ્રેમી પ્રેમ પર પલટાઇ ગઇ !
મળ્યા ન પામ્યો શીરીંને ફરહાદ અંતિમ પળ લગી !
પ્રિય પામવા બસ પ્રેમ ખાતર પ્રાણ આહુતિ દીધી ! ૨૯

થઇ પ્રેમ વેશ ગઇ પ્રેમદા ત્યાગી અમીરી પલકમાં'
અતિ મસ્ત થઇ બસ પ્રેમમાં લીધી ફકરી ખલકમાં
ફરહાદ કેરી કબ્ર પર અશ્રૂ વહાવ્યાં શીરીંએ !
અંદર સમાવી શીરીંને તે પ્રેમી કબ્ર અધીરીએ ! ૩૦

સત્પ્રેમ તરસ્યા માનવીની જીવનપદવી ઉચ્ચ છે,
સંસાર કે ધનવિભવ તેને સ્વર્ગસુખ પણ તુચ્છ છે.
હું પ્રેમનો આદર્શ જોઈ પ્રેમથી પીગળી ગઇ,
ના જોયલું જોઇ મતિ મારી અતિ અવળી થઇ ! ૩૧

મધરાત વીતતાં ઘેર આવી **મિત્ર** પણ સંગે હતો,
ઘરમાં પ્રવેશીને થયો તે **મિત્ર** ઉછરંગે છતો !
મલકાવીયું મુખ મિત્રએ પાલવ ધરી ધુંટણ પડયો
મુખકમળ કરમાવી દઇને દીનવાણી ઉચર્યો ૩૨

ફરહાદ સમ હું પ્રેમ પ્યાસો તું **શીરી** મમ પ્રાણની
મોહિત કર્યો તેં **મોહિની** માલિક હવે આ જાનની
કંઈ વર્ષથી મુખચંદ્ર તારૂં આ જીવન દમતું હતું,
બસ જાગતાં કે ઉંઘતાં એ નયનમાં રમતું હતું ૩૩

તુજ કોકિલા સમ મધુર સુર જે સદનમાં ગાજ્યા કરે,
વસંતગૃહ તે વિશ્વનું વ્હાલો વિષય ક્યાંથી મરે ?!
તું મારશે વચનપ્રહારે બેકદર થઇ જાનથી,
પણ પ્રાણ આ મરશે ના તારા નયન—અમૃત પાનથી. ૩૪

તત્કાળ હું બોલી ઉઠી કંઈ સાન શુદ્ધ છે કે જરા ?
નાટક તણા ચેટક મહીં છો દિવાના કે બાવરા ?
ગણ દિવાનો કે બાવરો તે માન્ય સૌ મુજ શિરછે
તવ પ્રેમ—અમૃત ઔષધી એ રોગ પર અકસીરછે. ૩૫

ખણશે કદાપિ આશવલ્લી હૃદયના મૂળમાં જઇ,
એ અમરવેલી થઇ વળગશે પ્રાણને તજશે નહિ.
કળિયુગ છે સત્યુગ નથી આ જગ મહીં નિહાળીલે,
જો દ્રષ્ટિ આડે સૃષ્ટિ ખેલે લાલલલના તાળી લે. ૩૬

હું એક ઉત્તર બોલીના મન લાજ લોકસમાજની,
મનમાં ખટક ખટકી રહી આ લોકલાજની પાજની
એ લોકલાજની પાજથી અટકે જનો, જયકાર છે,
જે લાજ છોડી કાજ કરતા મનુષ્યને ધિક્કાર છે. ૩૭

મેં લાજ છોડી પાપિણીએ મન ચઢયું વંટોળીએ
સૌ ભાવિ સુખડાં રોળીને હું ઝંપલાણી હોળીએ.
મુજ શ્વસુર સંગમાં હોત તો આ જીવન થાત ન કોયલો
સાચુ કહ્યું છે શાસ્ત્રમાં એકાંત વાસજ દોયલો ! ૩૮

હું કામવશ થઇ કામિની તે મિત્રને શરણે ગઈ,
રજની વિતાડી **મિત્ર** સંગે મદનને ચરણે જઇ.
અંધારી જેને કામની તે છતી આંખે અંધ છે,
સુધર્મ નીતિદીપ ઉજજળ દેખવા પ્રતિબંધ છે. ૩૯

અજબ કામણ કામનું મરવા છતાં મીટે નહિ,
રતિરંગ લાગે કારમો ફાટે છતાં ફીટે નહિ.
માયા પ્રસારી **મિત્રએ** વાતો પલાયનની કરી,
ધન દાગીના લઇ મિત્ર સંગે ચોર–પગલે પરવરી. ૪૦

પવનચક્કી ચિત્તની અસ્થિર કો સ્થિર કરી શકે.
વમળમય યૌવનનદી મદઘેલડી ન તરી શકે.
ત્યાગ કીધો ઘર તણો, સ્ત્રી ધર્મનો, સંબંધોનો,
મોહ લાગ્યો મિત્રશું બસ અહોરાત્રિ સંધીનો. ૪૧

સ્ત્રી ધર્મ વાતો સહેલ છે પણ પાળવી મુશ્કેલ છે.
પવનચક્કી મનતણી માયાબળે વંઠેલ છે.
મોહ કેરી જાળમાં લપટાઇ પંખીશી પુરી,
મિત્ર જ્યાં લઇ જાય ત્યાં હું જવામાં થઇ શૂરી ૪૨

મદરાઇધુનમાં મિત્ર મમ ગુણ ગાય મંગળ અષ્ટકે
મદરાઇ જેને મસ્તકે ખુરાઇ તેને હસ્તકે.
મુંબઇ ગયા દિન કંઇ રહ્યા મનમાં પુલી માંતી નહિ,
મુખ **મિત્રનું** જોયાં વિના હું કદાપિ ખાતી નહિ. ૪૩

ખરચી ખુટી સંગે લીધેલી **મિત્ર** નાટકમાં રહ્યા,
રે ! નાટકી ગુણ મિત્રના મારા મહીં દાખલ થયા
ત્યાં તાનટપ્પા હું શીખી વળી રંગ ભૂમિપર ઉતરી
વિખ્યાત સ્રી ખેલાડી થઇ જનવૃતિ મેં રંજન કરી ૪૪

રંગભૂમિ પર આવતાં કરતલ ધ્વનિ ગાજી રહે.
કુલહાર કલગી અર્પી મુજને શોખીનો રાજીરહે
વિધવાવિવાહ મેં પ્રેમથી તે મિત્રની સાથે કર્યો
સુધરેલ જનની રૂબરૂ સંબંધ અમ પાકો કર્યો. ૪૫

નાટકતણા શોખીન યુવકો નિત્ય અમ ઘર આવતા,
મન માનતી બક્ષીસ દઈ મેવા મિઠાઈ લાવતા.
નીત ગાડીઘોડે બેસીને ફરવા જતા ચોપાટીએ,
અમ મુખતરસ્યા પાસથી અવનવી વાની ખાટીએ. ૪૬

કંઈ વર્ષ અમ વીતી ગયાં આ પુત્ર પ્રસવ્યો અમ ઘરે,
મુખ પુત્રનું દીઠે કહો કો હર્ષઘેલાં ના બને ?
આનંદસાગરમાં સદા અમ પ્રીતનૌકા ચાલતી,
મમ સુખ જોઇ સ્વર્ગદેવી મુખ નીચું ઘાલતી ૪૭

લક્ષ્મી વસી અમ ઘેર હોંસે કીર્તિ પણ ફેરાફરે,
કીર્તિભૂખ્યાના ઘરભણી તે નજર સરખી નવ કરે.
અણધારી આવી વાદળી અવદશાની વરસી અરે !
પાણી કર્યું સુખ-શર્કરાનું જોત જોતામાં ખરે. ૪૮

સંબંધી સંગે ઘેર આવી **મિત્રની** પણિયત વહુ,
તવ ભેદ ફુટયો **મિત્રનો** હું દીલમહીં દાઝી બહુ.
લાજી સુણીને જાતમિત્રની શૂદ્રની મનમાં અરે !
બાજી રચી બ્રાહ્મણ કહી એ **મિત્ર-શત્રુએ** ખરે ! ૪૯

ધર્મભ્રષ્ટા જાતભ્રષ્ટા થઇ ચુકી છું હું ખરે,
હાથે કીધેલાં કર્મ વાગ્યાં હાય ! હૈયામાં અરે !
રોષ દાબ્યો મનમહીં સંતાપ અંતર બાળતો,
આનંદ ઉડયો ગગનમાં આક્રંદઓધ પ્રજાળતો. ૫૦

રે ! સાલ પેહું શોકનું જોઇ મને રીસે ચડે,
પુત્ર મારો જોઇ તેની આંખમાં મરચાં પડે.
શોક માનીતી થઇને હું થઈ અણમાનીતી,
પ્રીત બદલી **શત્રુએ** તેથી થઇ હું જાણીતી. ૫૧

ખાવામહીં કપડાં મહીં અંતર હવે પડતું ગયું !
રે ! શત્રુને મારૂં જીવન કંટક સમું નડતું થયું !
પ્રેમ ન્હોતો અમમહીં પણ વિષયની લીલાહતી,
હ્રદય તૂટયાં ઉભયનાં તે વિષયની લીલા થકી. ૫૨

નાની હતી નખ જેવડી પણ શોક સાપણ સમ હતી,
મર્મભેદી વચનબાણો મારવે ના કમ હતી.
તેનાં નયનનાં ઝેરથી આકાશના તારા ખરે,
ત્યાં હોય શું મારૂં ગજું કે નયન મારાં ના મરે? ૫૩

ભંભેરણી સુણી શોકની તે શત્રુ મુજને મારતો,
કાને ધરે ના વાત મારી એલફેલ ઉચ્ચારતો.
ભંભેરીને ભવ બગાડયો તે વાત યાદ અણાવતી,
ફરહાદનો દઇ દાખલો તે પ્રીતરીત શીખાવતી. ૫૪

દઇ દોષ મુજને તે કહે "મુજ સંગ શીદ આવી અહીં"?
પાષાણકેરા હૃદયમાં ચેતન કદી આવે નહિ!
પાષાણહૃદયથી ગિરિવરો દ્રવતા ઝરણ મીઠાં સદા,
પાષાણહૃદયી માનવી દ્રવતા દયાજલ ના કદા! ૫૫

એક દિન એવો હતો જલ માગતાં પય આપતો,
એક દિન આવ્યો હવે જલ માગતાં વિષ આપતો!
એક દિન એવો હતો હું આંખની કીકી હતી,
એકદિન આવ્યો હવે હું આંખનો પાટો બની! ૫૬

ભાવ વિણ ભોજન ભુંડાં પણ ભાવની ભડકી રૂડી,
નીરનાં ઝરણાં રૂડાં પણ નીરની સરિતા ભુંડી.
વાદળા વીંટાયલ ચંદ્ર ભુંડો અભ્રવિણ તારા રૂડા,
જંગલતણાં તરૂવર રૂડાં ફણીધર ભર્યાં ચંદન ભુંડાં. ૫૭

કડવા પીધા દુઃખ ઘુંટડા કડવા થયા દિન મોજના,
વજ્ર હૃદયી ના ખમે કડવા અનુભવ રોજના !
આત્મહત્યા કાજ મારૂં મન કુતર્કે ભટકતું,
આત્માથકી પ્રિય બાળ સામે જોઈ અંતર અટકતું. ૫૮
ધર્મના સામ્રાજ્યમાં રે ! ધાડ મેં પાડી હતી !
મોહ–મૃગજળપાન કરવા આજી મેં માંડી હતી !
"મરણ વીતે કર્મફળ" એ વાત સાચીના ભણું,
કર્મફળ આ ભવમહીં છે ભોગવે છુટકો ગણું. ૫૯
મલીન ને મતિમંદ મારી પાપના પરિપાકથી,
ખાઈખતા ઉજાળું પશ્ચાત્તાપકેરી ખાખથી.
કર્મ–કંટક–શૂળ નીત મારા હૃદયને ડંખતી,
દુષ્પાપના ખાડા મહીંથી છુટવા હું ઝંખતી. ૬૦
ઈશિભાગ ગણુતી ન પૂર્વે હવે હરપળ હું ડરૂં.
આથી અધિક કંઇ હાલ બુરા થશે શું ? શંકા કરૂં
રંગભૂમિ ઉમંગ વિણુ શું ? ભલૂં ભૂમિ લીંપવું.
હૃદયમાં ના રંગ તો હું રંગભૂમિ શું દીપવું ૬૧
મુજ પાઠ મેં ભજવ્યો નહિ શત્રુ ભર્યો રીસે બહુ
અતિ ત્રાસ તે દિનનો અરે ! આ એક જીભે શું કહું !
માર મારી હાડ ભાંગ્યાં રૂધીરની ધારા ઉડી !
નાચી દયા તે દૈત્યને હાલત કરી ધૂળથી ભુંડી ! ૬૨

કાળી કકડતી રાતના કાઢી કકલતી બારણે,
નાદાન બાળક સંગ નીકળી દુઃખ મોચન કારણે.
અમ ઉભયને એક સહીઅર રાતવાસો લઇ ગઇ,
શોક ને શત્રુની સંગે ઉંઘ પણ વેરણ થઇ ! ૬૩

પતિ સહીયરનો હતો તેના મને ઉપજી દયા,
અમ હૃદય તૂટયાં સાંધવા મુજ પતિ પાસે તે ગયા
તે એકનો બે ના થયો લાગ્યો મને ધિકકારવા.
કંઈ દાવમાં હું આવું તો મુકે નહિ સંહારવા. ૬૪

ક્રોધ વશ શત્રુ થયો પ્રીતિ બધી વિસરી ગયો.
સમજાવતાં સમજયો ન સહીયર સ્વામીની સામે થયો !
એળે ગયો અવતાર મારો દુષ્ટએ દીધો દગો !
કુવે ઉતારી વરત વાઢી થાય દુર્જન ના સગો ! ૬૫

પુનર્લગ્ન વિષે મશ્યાતા સાક્ષીરૂપ મહાશયો,
વિનવતા તે શત્રુને, પણ એકનો બે ના થયો.
સહું સજનોની સહાયથી મેં કોર્ટમાં દાવો કર્યો,
પણ શત્રુ અંતિમ પળ લગી નિર્લજ થવામાં ના ડર્યો ૬૬

કહે કોર્ટને તે બે ધડક "મુજ સ્ત્રી ન એપણ રાખછે
હું શુદ્રને એ બ્રાહ્મણી અમ હિંદુ લો ની શાખ છે.
અમ ભિન્ન વર્ણનું લગ્ન તે લગ્ન શુદ્ધ ગણાયના,
મુજ ધન ઉપર એ માતસુતનો હક કદી કહેવાયના ૬૭



ભરી ભરી જામ તેં પાયા લલિત લગની તણા જગને,
કરીને પાન શુધ ભૂલ્યાં કહું બંસી કે મયદાની?

[વધુ માટે જુઓ પાનું ૪૪.

મુંબાપુરીની વડી અદાલત હિંદુ લૉ આધીન હતી,
શઠતા નિહાળી શત્રુની તે ખેદ માંહે લીન હતી,
જો સત્ય વસ્તુ હોય પણ ના કાયદો લાગુ પડે,
તો સત્ય વસ્તુ હારતી જુઠાણું વિજયી નિવડે ! ૬૮

પ્રતિવાદી જીત્યો કેસમાં હિનભાગિનીની હાર થઇ !
પ્રતિવાદી કેરો ખર્ચ કોર્ટે મમ શિરે નાખ્યો નહિ
ભોળી અબળા ભોળવી શઠ નીચ લાલચ પુરતાં,
એ હિંદુ લૉ નો કાયદો ઉતેજનો જન ક્રૂરતા. ૬૯

પુરૂષપક્ષી કાયદા પુરૂષે રચ્યા એકે મતે,
સ્ત્રીઓ રચત એ કાયદા શઠ દેહદંડ પામ્યો હતે.
અજ્ઞાન અમ અબળા મહીં તેમાં ફસાણી આખરે !
ભોળી અને અજ્ઞાન નારી આમ વણ મોતે મરે ! ૭૦

ઘરની રહી ના ઘાટની અધવચ અરે લુંટાઇ હું !
નિશ્વાસ નાખી શત્રુ પર નિશદિન મરૂ મુઝાઈહું.
ઇન્સાફ હારી કોર્ટમાં ઇન્સાફ ઇશ્વર ઘર હતો.
દિલ દુભાયલની દાઝ દીનનાથ દીલમાં ધારતો ૭૧

બાતલ કર્યો મુજ પુત્રને આપ્યો ન તેને વારસો
કોરટ ન આપે ન્યાય પણ છે પ્રભુ પાસે આરસો
કોરટ ચલાવી લે ભલે આવા અધુરા કાયદા
પણ પ્રભુ શઠને દંડ દેવા પળ કરે ના વાયદા ૭૨

મુજ શત્રુની નારી અચાનક બારીથી નીચે પડી
પડતાં તજ્યા પટ પ્રાણ મારી હાયતો અંતે નડી
પ્રપંચીઓ પોબાર પાસા પાડી ખુશ થાએ ખરા
કિરતાર કેરી કાઠીનો ના શબ્દ સંભળાએ જરા ૭૩

હાય ભુંડી ગરીબની એ કાળમૂર્તિ મંત છે
હ્રુદયજવાળા સાગરોને સુકવવા બળવંત છે.
ફળવંત સૃષ્ટિ વૃષ્ટિ વિણુ વેરાન પળમાં થઇ જતી,
સદ્‌ગુણ વિના સંસાર લીલા વિષવૃક્ષ સમી થતી. ૭૪

વિશ્વાસઘાત કરી જનો સુખીઆ કદી થાએ નહિ,
પાષાણુ પર બેસી નદીને પાર કો જાએ નહિ.
વિશ્વાસઘાતી શત્રુએ ભય રાખીયો ના રામનો,
જરજોરૂ ખોયાં પાપમાં બદલો મળ્યો નીચ કામનો. ૭૫
વાવી કોવચ બીજ કોઇ આમ્રફળ ચાખે નહિ,
વિષપાનથી કો અમર છે એ જ્ઞાની પણુ દાખે નહિ.
દીપક બુઝાવી સુરંગમાં કો તિમિરને વામે નહિ,
અધર્મ કેરાં કર્મ કરી કો મોક્ષપદ પામે નહિ. ૭૬
ચોરી ઉપર ચોરી થઇ, શત્રુઘરે નવ માસમાં,
પાટું પડે પડતા ઉપર કયાંથી રહે ઉલ્લાસમાં !
નાટકતણો ધંધો તજી લટકેલ થઇ ભટકયા કરે,
પૂર્વે કરેલાં પાપ તેના હ્રુદયમાં ખટકયા કરે. ૭૭

મુજ ભાળ કાઢી શત્રુએ આવી ચડયો મુજ ઘર અરે !
નિર્લજ બની ગતવાત ભૂલવા વિનવણી મારી કરે.
આંસુ વહે ચોધાર આંખે કંઠ ગદગદ થઇ ગયો,
મુજ ચરણમાં પડી દીનવાણી હૃદય ખોલી ઉચર્યો:- ૭૮

અવદશાએ ઘેર્યો હતો અવળી મતિ મારી હતી,
સંતાપવા રે ! મારવા, મેં કસર રાખી ના રતિ !
તુજ શોકની ભંભેરણી સાચી સદા માની લીધી,
મેં મતિમંદ થઇ અરે ! અળખામણી તુજને કીધી. ૭૯

મેં દગલબાજી મૂળથી તુજને ફસાવવા આદરી,
તુજ પતિ સંગે મિત્રતા તુજમાટ મેં પાકી કરી.
થઇ શૂદ્ર હું બ્રાહ્મણ બન્યો વિશ્વાસઘાતી થઇ અરે
એળે ગયો અવતાર કાણે તુમકે કો ના તરે ૮૦

જો ખતા-ખંજર-છેદથી સૌ અવગુણો નીતરી ગયા
જો દુર્મતિનાં વમળ પળમાં વહી ગયાં અળગાં થયાં
જો બંધનો છળકપટનાં અંત ઠોકરે તૂટી ગયાં.
જો સીતમની વિજળી પડી મમ ધીર-નીર ખૂટી ગયાં ૮૧

લે શરણમાં દીન દાસને દે અભય દાન ઉગારવા,
ભોગી ભ્રમર ડંખે છતાં દે કમળ રસ-પરિમળ નવાં
દુ:ખસાગરે ડુબું હવે બસ માર કે બસ તાર તું,
ધિક્કાર કે ફિટકાર પણ આધાર તું દાતાર તું ૮૨

એ શત્રુ કેરો બોલ મારા કાનને કંટક સમો,
એ શત્રુ મુખનો ડોળ મારા નેન ને પાવક સમો.
એ શત્રુનો અશ્રુપ્રવાહ દમતો મને તક્ષક સમો.
એ શત્રુનો મેળાપ મારા જીવનનો ભક્ષક સમો. ૮૩

કંપી ઉઠી મુજ અંગવેલી આંખમાં અગ્નિ ઝરે.
જીહ્વાસ્ત્ર છુટયું જોરમાં વિખ વાણીમાં વરસ્યાકરે:-
રે પાપીઆ ! તુજ પાપી પગ પાતાળનાં જગ બાળશે.
રે પાપીઆ ! ટળ—જા, અધુરૂં જીવન મુજ પ્રજાળશે. ૮૪

દેખા દઇ નાં બાળતો મુજ બાળ માટે હું જીવું.
ના જીગરને ઉકળાવતો મુજ બાળ માટે હુ જીવું.
સો વાર ગંગાસ્નાન કરશે શ્વાન, પણના સુધરે.
ચાખેલ નાગતણો ભરૂંસો બુદ્ધિહીન ભલે કરે. ૮૫

તું લાખનો ઢગલો કરે હું લાત મારૂં પાધરી.
તું ગુણનો સાગર ભરે હું દષ્ટિ માંડું ના જરી.
તું સ્વર્ગનો રાજા બને હું લેશ ના પરવા કરૂં.
તું આભવે કે પરભવે મળતો ન મુજને, વિનવું. ૮૬

મુજને દગો દીધો ભલે ! પણ અન્યાને દેતો નહિ.
વિશ્વાસનાં વચનો કહ્યાં ત્યમ અન્યને કે' તો નહિ,
ફળ ભોગવી લે પાપનાં મુજ નામ પણ લે તો નહિ.
સાર્થક કરી લે જિંદગી સંસારમાં રહેતો નહિ, ૮૭

મુજ બોલ એવા સાંભળી શત્રુ ગયો પલવારમાં.
પાછો મળ્યો ના મુજને મંડયો પ્રભુના પ્યારમાં,
ભક્તિ કરે છે પર્વતોમાં એક ચિત્તે શિવની
સેવા કરૂં હું પુત્ર સંગે અખિલ જગના જીવની. ૮૮

રટણમાં હરદમ હરિહર અટન તીર્થોમાં કરૂં,
શરણ હરિનું પામવા હું મરણની પહેલાં મરૂં.
દમન ઈંદ્રિયનું કરૂં ને વમન આ સંસાર છે,
શમનકર્તા પાપ પ્રભુને નમન વારંવાર છે. ૮૯

પ્રપંચમય સંસારમાં અનનુભવી અબળા ફસે,
સદ્ધર્મ નીતિ જ્ઞાનનું અજ્ઞાન અબળામાં વસે.
અજ્ઞાન એ ઉજાવવાનો ધર્મ છે સન્નારીનો,
નિજ દેશભગિની તારવાનો ધર્મ છે સન્નારીનો. ૯૦

નારીતણા ઉદ્ધાર વિણ કો દેશનો ઉદ્ધારના,
નારી પ્રતિષ્ઠા વિણ સ્વર્ગીય શોભતો સંસારના.
નારી હૃદય ઉન્નત વિના દેશોન્નતિ દૂર છે,
નારી તણું ચારિત્ર્ય ઘડવાની બહુજ જરૂર છે. ૯૧

ઉપદેશ આપું ફરી ફરી મુજ દેશની સહુનારીને,
અજ્ઞાનપણુમાં હું ફસી ફસશો ન મુજને ભાળીને.
કામી પુરૂષના પ્રપંચો મૃગજળ સમા મોહક ખરે,
લલચાય, દોડીજાય, તે અટવાઇ અટવાઇ મરે. ૯૨

ધિક્કાર છે તેને, ફસાવી મોહમાં પરનારને,
ધિક્કાર છે મુજને, અનીતિએ તજ્યો સંસાર મેં !
ધિક્કાર છે તે મદનને જે પાપપંથ બતાવતો,
ધિક્કાર છે તે ન્યાયને અન્યાય ખુલ્લો આપતો ! ૯૩

કર્મકથની બાઇ ! મારી સાંભળે ના ફાયદો,
સદ્‌ગુણશાળી નારીઓ કીધા વિના ના ફાયદો.
સ્ત્રીધર્મનીતિ કાજ કંઇ યત્નો કરો તો ફાયદો,
ભાવિ પ્રજાની માતને કંઇ કેળવો તો ફાયદો. ૯૪

મંડળ રચો સન્નારીનાં નીકળી પડો ઉપદેશવા,
રે ! દેશને ખુણે ખુણે પણ ના ચૂકો ઉપદેશવા.
સ્ત્રી ઉન્નતિના કાયદા સરકારને ઘડવા કહો,
સ્ત્રી ઉન્નતિના ચાહકોને જઇ મદદ કરવા કહો. ૯૫

ગ્રહ શિક્ષણ નીતિ શિક્ષણ, કળાશિક્ષણ શીખવો
આચાર ને વિચાર ઉંચા નીત કરતાં શીખવો.
ભાન અબળાને કરાવો પ્રપંચી દુનીયા તણું.
ડગલે અને પગલે નડે ક્યાં દુઃખ દુનિયામાં ઘણું ૯૬

અનસૂયા, મંદોદરી, દ્રુપદસુતા, તારામતી
દમયંતી શબરી પાર્વતી. સાવિત્રી ને સીતાસતી,
આદર્શ એવી સાધ્વીના દાખવો નીત નારીને
ચારિત્ર્યમાં એ જીવનરેડો જ્ઞાન નીર ચગાડીને ૯૭

ખટ દુર્ગુણોથી ના ડગે માયા જીતે સંસારની,
એવી બને વીરાંગના તો ઉન્નતિ હદપારની
મનસંયમનની ટેવ પાડી મનોબળ સુદૃઢ કરો.
અજ્ઞાન, દુર્ગુણ, વહેમ જડથડથાં સ્ત્રીઓનાં પરહરો ૯૮

તે સ્ત્રી—

કથની સુણી તમ દુઃખની દુઃખમાં ડુબી ગઇછું ખરે,
છે વાત સાચી તમતણી અજ્ઞાન અબળાઓ મરે !
પાપી પુરુષના પ્રપંચોને આર્યબાળા જાણશે,
તો ઝંપલાશે ના કદી દુઃખ વામશે, સુખ પામશે. ૯૯

સ્ત્રી ઉન્નતિશાળા બધેબન્ધ ખોલશું સૌ નારીઓ,
અમ આર્યગૌરવ જ્ઞાનના જશ બોલશું સૌ નારીઓ.
કેળવીશું હિંદબાળા પ્રેમથી સૌ નારીઓ,
મેળવીશું અમરકીર્તિ સ્વર્ગમાં સૌ નારીઓ ૧૦૦

અવળપંથે ચઢેલાં આ લાલ દીવો ભાળશે,
તો ભયભર્યાં કુવે ન પડતાં સાચવીને ચાલશે.
આખા જીવનમાં પાપ કેરી ગંધના લાગે જરા.
તે દેવ છે, તે દિવ્ય છે, તે શાંતિપદ લાયક ખરા. ૧૦૧

સમાપ્ત.

નવજીવન

(દુનિઆ તણાં દીવાના એ રાહ.)

આ યુગ નવા મનુનો જીવન નવું અમારૂં,
શૂરો સિપાઇ થઇને દિલ દેશદાઝ ધારૂં. ૧
હિંદુ નહિ હું ખ્રિસ્તી ના પારસી મુસલમીન,
વસું ધરામાં વસતું આખું કુટુંબ અમારૂં. ૨
જ્યાં જાઉં ત્યાં છે મારા બંધુ પ્રભુના બંદા,
ચોખુંટ ધરતીમાં છે ઘરઆંગણું અમારૂં. ૩
રોતાં અનાથ બાળો, તાપે તપેલ ફૂલો,
હું તેનો તે અમારાં એ એક ધ્યેય પ્યારૂં ૪
પરવા કરૂં ન કોની પૂજું નિજાત્માને,
આત્મામાં વિશ્વ ભાળું, સૌ વિશ્વ એક ધારૂં ૫
વણુસે છે સૂર્ય કિરણો, તુલો ઉપર છે તીડો,
ઉંઘે જગત્ શું ગાફિલ ઢંઢોળીને ઉઠાડું ૬
જુના નભે જુઓને ચમકે નવીન તારા
જુના સમુદ્રમાંથી રત્નો નવીન કહાડું. ૭

જ્ઞાતિ. કુધર્મ રૂઢિની હિંદને છે બેડી,
તે તોડી મુક્ત થાવા પલટણ નવી ઉતારૂં ૮
શૂરો ત્વરા કરોને સમતાનો ધ્વજ ઉડાવો,
નીતિનો શંખ ફૂંકો એ ઉન્નતિનું બારૂં. ૯
સત્વર સુધારૂં તને જે કુપ મંડુકો છે.
જે તાતના કુવાનું પીએ છે નીર ખારૂં ૧૦

મસ્કાને મુબારક.

જમાનો લાડકો આવ્યો ચઢયો છે ભાવ મસ્કાનો,
વધારી મોંઘવારી આ **પડો લાનત તને મસ્કા** ! ૧
ગુલામીનો બની ફરજંદ તજી સ્વાતંત્ર્ય માતાને,
ગુલામી ધર્મ ફેલાવ્યો **પડો લાનત તને મસ્કા** !
પાપી સ્વાર્થની ખાતર ગરીબોનાં ગળાં રેંસ્યાં !
કસાઇનો કસાઈ તું **પડો લાનત તને મસ્કા** ! ૩
ઘરાણે મૂકીને અક્કલ શીખ્યો તું પાઠ “હાંજીહાં”,
મૂર્ખાને પગે લાગે **પડો લાનત તને મસ્કા** ! ૪
બધા ધંધા મહીં ધંધો ખુશામતનો સહેલો છે,
સ્વીકારી ધાડ મારી તેં **પડો લાનત તને મસ્કા** ૫

રચે પ્રપંચની બાજી કુલાઇને ફરે રાજી,
ખુશામત રાખતો તાજી **પડો લાનત તનેમસ્કા!** ૬
કરે પાલીસ લઇ મસ્કો ચઢાવે ઓપ પાજીને,
કરે ઘુવડ સમું મોઢું **પડો લાનત તને મસ્કા!** ૭
ખોદે ખાડ દુનિઆમાં પૂરે દ્વાર સ્વર્ગોનાં,
અધવચમાં રહ્યા લટકી પડો **લાનત તને મસ્કા!** ૮

દગલબાજી

અરે દિલદાર દિલ દઇને **હવે કરના દગલબાજી**
ચઢી દુનીઆની દ્રષ્ટિએ **હવે કરના દગલબાજી** ૧
હસી જગ આંગળી કરશે હૃદય તે જોઇ ચણુચણુશે,
નક્કી મરવું મને પડશે **હવે કરના દગલબાજી** ૨
ગુંથી દિલગાંઠ આપણુ બે વસી એકાંતમાં પ્રીતે,
છુટે નહિ કેમ છોડે તું **હવે કરના દગલબાજી** ૩
નયન બે મીટ માંડીને સુધાજલ સ્નેહનું પીતાં,
વસન તેનું કરાવે કાં? **હવે કરના દગલબાજી** ૪
પુરી આ પંખીણી પિંજર પઢાવ્યા પ્રેમના પાઠો,
પીંખે કાં પાંખ તું મારી **હવે કરના દગલબાજી** ૫

ખમું હું ઘાવ ખંજરના કરે તું પ્રેમની નસીયત,
સહું ના દિલ ઉઠે તારૂં હવે કરના દગલબાજી. ૬
દિલ દેતાં ન દઇ દેવું દીધું દિલ તો ન લઇ લેવું,
સહેવું જિંદગી સાટે હવે કરના દગલબાજી ૭
થયાં બે પ્રેમીઓ આપણ હતો સાક્ષી પ્રભુ પાસે,
દુભવવા પ્રેમ–સાક્ષીને હવે કરના દગલબાજી. ૮
દુભવશે તું દગો દઈને નકી પટ પ્રાણ ગુંજ જાશે
પછી હંમેશ પસ્તાશે હવે કરના દગલબાજી. ૯
અખંડિત ઉજળા પ્રેમે જીવન અજવાળશું સંગે,
અમરનાં દ્વાર ખોલીશું હવે કરના દગલબાજી. ૧૦

નિરાશા.

હ્રદયકેરી વાડલી ઉજ્જડ કરે કોઇ
સૌંદર્યને પીંજવી ન તે શાંતિ ધરે કોઇ. ! ૧
બેસુર તેનો સાંભળી કાને દઉં ડુચો,
હા ! તોય તે ભાળું ખરે ધુરકયા કરે કોઇ ! ૩
ધૈર્યકેરી ઢાલ ઓથે હું લપું છાનો,
રક્ત ના ટપકે છતાં વિંધે શરે કોઇ ! ૪

હરિયાળી તેને ના ગમે મમ હૃદયની ક્યારી
મુજ અશ્રુની ધારાવતી ક્યારી ભરે કોઇ ! ૫

હૃદયવાડી ગજવતું બુલબુલ ઉડે ગાતું,
તરફડાવી સખ્તદિલ જીવન હરે કોઈ ! ૬

ગુપચુપ ચકોરી છે પડી છાયું તિમિર ઘાડું,
ઘુવડતણા ઘુત્કાર શબ્દે ભય ભરે કોઇ ! ૭

તોયે ઉંડા ઉંડાણમાં ઝાંખું કિરણ ભાળું,
તેપર થઈને સ્વાર એ આવે ખરૂં કોઈ ! ૮

સ્ફૂર્તિ.

ભરી આપો છલાછલ જામ વિરમો ના પ્રભુ ! પલકે,
હું મુખ માંડું તમે રેડો છલકે તો ભલે છલકે. ૧
કરંતાં પાન, જગના રંગ પલપલના નવા ભાસે,
થવા દો બે નયન ચકચુર છલકે તો ભલે છલકે. ૨
ઘુમે બ્રહ્માંડનાં દ્રવ્યો બનીને પાનથી મસ્તાન,
ઉડી મારું ભૂમિથી વ્યોમ છલકે તો ભલે છલકે. ૩
અધિકારી કરે એ પાન સુણવા ગાન સૃષ્ટિનાં,
પુરૂં એ ગાનમાં મુજ તાન છલકે તો ભલે છલકે. ૪

ભર્યા છે વેદ સમયોનાં ઋષિએ સોમરસ સાગર,
ભરી ભરી આણવા દો કુંભ **છલકે તો ભલે છલકે.** ૫

કરીને કલ્પના—નૌકા હું વિચરૂં વ્યોમ સાગર પર,
ઉડુરત્ને ભરૂં ભૂતલ **છલકે** તો **ભલે છલકે.** ૬

છુટે જીવ્હા થકી વચનો ખરે વચનાવલિ રૂપે,
રસિકોની ભરાંતાં છાબ **છલકે તો** ભલે છલકે. ૭

સમીપે જઈ સુધાકરની સુધાનો કુંભ ઉભરાવું,
ભિંજાવું તમ આ ધરણી **છલકે તો** ભલે છલકે. ૮

જગત્‌ને પાઇ દો પ્યાલો ઉંઘણશીઓ ઉઠી ભાગે,
મરેલાં મૃત્યુથી જાગે **છલકે તો** ભલે છલકે. ૯

રેલો સ્વર્ગથી ધારા પ્રભુજી દિવ્ય સ્ફૂર્તિની,
વહી ઉતરે ધરા પર સ્વર્ગ, છલકે **તો** ભલે છલકે ૧૦

કાળે બગાડીબાજી.

ગાફિલ રહે શું બંદા! જોને નજર ઉઠાવી,
કાળે બગાડી બાજી કંઇની બની બનાવી. ૧

પૃથુ, પ્રતાપ, અકબર શિવાજી ને સિકંદર,
આશા જીવનની દોરી પાણી સમી વહાવી ૨

લાખો ઉજાડી વાડી દેવોને પ્રાણ પ્યારી
રોતી ફરે બિચારી ગરદન ઝુલે મિલાવી ૩
બુલબુલ કંઇક માર્યાં કંઇ બાગબા પ્રજાળ્યાં,
કીધાં અમર ન કોને કહું શું જબા હલાવી. ૪
ગુલોના બિસ્તરાપર કાંટા જમે જમાવ્યા,
કંઇ આશકોની પાછળ માશુક મુકી રડાવી ૫

પછી પરવા રહે શાની?

મ્હેમાન થયા તમે મ્હારા એ રાહ.

લગની પ્રેમની લાગે **પછી પરવા ન દુનીઆની**
નિજાનંદ ઘંટડી વાગે **પછી પરવા રહે શાની?** ૧
ઉષાના કે નિશાના રંગ દુનીઆને ભલે રંગે,
પ્રેમી પ્રેમ–રંગ ન્હાયે **પછી પરવા રહે શાની?** ૨
કાયા, ધન, વિભવ ભોગી યમને ચોરથી ડરતા,
કરે જો ત્યાગ–વૃત્તિ તો **પછી પરવા રહે શાની?** ૩
વીણા, સીતાર, સારંગી જનોને રીઝવે તો શું!
સુણે નીત સુર સોહંના **પછી પરવા રહે શાની?** ૪
અરે પરતંત્રતા ભુંડી ઉડાડે નૂર માનવનું,
શીખે સ્વતંત્ર્યના પાઠો **પછી પરવા રહે શાની?** ૫

બનીને તાત મારે લાત સુતની સાધુતા ઉપર,
સપુત પ્રહ્લાદરૂપ ધારે **પછી પરવા રહે શાની?** ૬
કુટિલતા કૌરવે ધારી નમીના દ્રૌપદી નારી,
હૃદયમાં કૃષ્ણ મુરારિ **પછી પરવા રહે શાની ?** ૭
કુછંદી રાવણો હાર્યો સતી સીતા વિજય પામી,
હતી શ્રી રામધુન પ્યારી **પછી પરવા રહે શાની ?** ૮
નજર સંસારથી વાળી કુટીમાં રહે મશગુલ
વિલોકે દિવ્ય જ્યોતિ ત્યાં **પછી પરવા રહે શાની?** ૯

દિલેનાદાન

દિલ દીધું નાદાનને દિલદાર ગણીને.
હા ! ભસ્મ કીધું જાલિમે અંગાર બનીને. ૧
કોલ આપ્યા આવીને રે ! જિંદગી ભરના,
તે ભંગ કીધા હાય ! બેદરકાર બનીને. ૨
પગલાં પડે જ્યાં માહરાં ત્યાં ફૂલ પાથરે,
આજે ગયો બદલાઇ ખુંચે ખાર બનીને. ૩
પ્રેમરસ પાઈ રૂઝવતો દર્દ જીગરના,
ત્યાં આજ કરતો જખ્મ રે ! તલવાર બનીને. ૪

મુખ ના જુએ દિન એક તો દિવાનો થઇ જતો.
પડદો હવે દિલનો કર્યો બદકાર બનીને. ૫
ઇશ્કની છલબલ હતી દિલની તિજોરીમાં
દેવાળું ફૂક્યું ઇશ્કનું નાદાર બનીને. ૬

ઘડીની કિંમત

ઘડિઆળમાં ટંટં ટકોરા વાગતાં અગિઆરના,
મારી કનેથી કો ઉઠી ગઇ સુંદરી લાગ્યું મને. ૧
હું 'કોણ' કહીને નિરખવા ઝટવારમાં ઉભો થયો,
તે રોષમાં ચાલી ગઇ પગરવ સમું લાગ્યું મને. ૨
તે દુરથી દે નામ "હું ફોકટ ગુમાવેલી ઘડી,"
પકડું છતાં પકડાય ના અદૃશ્ય થઇ લાગ્યું મને. ૩
ધિક્.મામ બોલી અશ્રુ ઢાળ્યા ભગ્ન આશે હું ફર્યો,
સંતાપ પશ્ચાતાપની વરસી ઝડી લાગ્યું મને ૪
સંબોધતું કો સાંભળું મુજને ઉંડા ઉંડાણુમાં.
પાપણ ઉઘાડી જોઉં તો કંઇ હર્ષમય લાગ્યું મને ૫
નામ પુછતાં વિનયથી તે બોલી "હું નૂતન ઘડી"
દોડી નમ્યો પલવારમાં ચેતન મળ્યું લાગ્યું મને. ૬
"વ્યર્થ વિતાડે ઘડી તે પાપ તારે શિર છે."
ઉપદેશ એ મરતાં લગી જાશે નહિ લાગ્યું મને. ૭

"નહિ" કોણ ?

ડાઘ દિલમાં દર્દના: દિલદાર દે, દાના નહિ
આંખમાં ના પ્યાર તો દિલદાર તે, શાણા નહિ. ૧
દીપ પર કુરબાન ના જે જાન, પરવાના નહિ,
પ્રેમમાં જે વ્હેમ રાખે પ્રેમ-મસ્તાના નહિ. ૨
જરલોભમાં. કંઇના ફસાવે જાન, દિવાના નહિ,
નામ લેતાં નેનમાં ના ઘેન, **મયખાના નહિ.** ૩
એક ઝબુકે આંખ ના મીંચાય, **દામિની નહિં**
ચંદ્ર જોતા પાંખડી બીડાય, **કમલિની નહિ.** ૪
દિલ દર્દથી દાઝે છતાં બોલે ન જે **વાચા નહિ,**
પૂજાય પાખંડી છતાં બોલે ન જે, **સાચા નહિ.** ૫
ઘન ગર્જતાં ગાજી ઉઠેના, કેસરી સુબા નહિ,
હાથ પડતાં તાર પર વાગે ન, દિલરૂબા નહિ. ૬

પ્રાર્થના

શરણમાં હું પડયો આવી પ્રભુ! મુજને ભુલાવો ના.
જુઠી સંસારની બાજી રમાવીને ફુલાવો ના, ૧
તમારૂં નામ દુનિયામાં પતિતપાવન સહુ જાણે.
નિહાળી દોષ મુજ બાળો નજર ત્યાંથીચુકાવો ના, ૨

ભંયકર કાળના નદમાં તણાઇ જાઉં છું વેગ.
અહોને બાંય અવ મારી જરા વિલંબ લગાડો ના, ૩
પડયો હું કર્મબંધનમાં, ગળે ફાંસો પગે જંજીર,
રોવું કયાં સુધી મારે, ચડો વારે દુભાવો ના. ૪
હજારો દુત મારગમાં ઉભાછે પંથ ને ઘેરી.
રહો ને સંગમાં મારી અલગ હે તાત થાઓ ના, ૫
તજ્યાં જગના તમાસામેં તજી સૌ ભોગની આશા.
તૃષા દર્શન તણી લાગી તૃષાતુર મૂકી જાઓ ના. ૬

સ્વર્ગને વિનંતિ

ધરતી ઉપર વસ્તી નહિ માનવતણી જે કાળમાં,
સ્વર્ગ ન્હોતું દુર ધરણીથી સમો એવો હતો. ૧
સ્વર્ગની છાંયા ધરાપર સૌખ્ય રૂપે ઉતરતી,
સ્વર્ગ પૃથ્વી ઉભયને બહુ પ્રેમરંગ લાગ્યો હતો. ૨
નિજ તનુમળના બનાવ્યા પૃથ્વી એ સૌ માનવો,
ઇચ્છા હતી કે દિવ્ય બાળો સ્વર્ગ લાવે ભૂતળે. ૩
પણ હાય ! દુષ્ટે સ્વજનની લતા પ્રહારે દૂભવી,
સ્વર્ગપર જાવા મથ્યા પણ એકના સ્વર્ગે ગયો. ૪

ભાળીને કૃતઘ્નતા તે સ્વર્ગ મન કોપ્યું અતિ,
આવેશમાં ઉડી ગયું ઉંચે ઉંચે ઉંચાણમાં ૫
સ્વર્ગના વિયોગથી માતા હજી ઝુરી રહી
હે માત માફી દે અમોને પાપનાંફળ ભોગવ્યાં ૬
સ્વર્ગ તુંએ ક્ષમાકર અવનિ ઉપર નિવાસકર
અંતર તજીને ભેટતું માતૃભૂમિને રીઝવશું. ૭

રૂઢિ રાણી થઇ બેઠી

અરે ! અજ્ઞાનની મુર્તિ કરૂપી કારમી કાળી,
ચલાવે રાજ દુનીઆમાં **રૂઢિ રાણી થઇ બેઠી**
જગાવે જો હુકમ એતો અસત્ સિંહાસને બેસી
બની બળવાન શાસ્ત્રોથી રૂઢિ **રાણી થઇ બેઠી**
દિતિ કન્યા છતાં દેવી ગણી સૌ પાચ પૂજે છે,
જમાનાની જુઓ તાસીર **રૂઢિ રાણી થઇ બેઠી**
દેતી શાપ જનને ઘોર જુલ્મી દુષ્ટ એ રાણી,
જનો આશીર્વચન ગણતા રૂઢિ રાણી **થઇ બેઠી**
સૃષ્ટિની સુધાવાણી ન સુણવાનો હુકમ કોને.
ગવાડે ગીત પોતાનાં **રૂઢિ** રાણી **થઈ બેઠી**

જાગો સૃષ્ટિના ભકતો રૂઢિના શત્રુ થઇ લાગો.
કહો અન્યાયથી આતો રૂઢિ રાણી થઇ બેઠી
ખણી વિસ્મૃતિનો ખાડો રૂઢિ ઉંડાણમાં દાટો,
લખાવો કબ્ર તેની પર "રૂઢિ રાણી થઇ બેઠો

ભારત—સ્તવન

હે માત ભારત ભૂમિ ! ચુમીએ ચરણ તમારાં
સાગર સુનીલ ભેદી હૃદયેવસી અમારા ૧
કો દિવ્ય યોગમાં છે અવતાર તુજ માતા !
ગુણ પ્રાણિવૃંદ ગાતા મહીમા ભર્યા રસાળા ૨
રાત્રિ ગંભીર ગઇછે ઉગ્યું પ્રભાત મંગળ,
પગલાં ઉદયગિરિ પર શોભી રહ્યાં તમારાં ૩
સાડી સજી રૂપાળી હરિઆળી વલ્કલોની,
કુંજે ભરેલી ભાતો હૈડાં હરે અમારા ૪
માથે મુગટ વિરાજે હિમવંત શ્વેતરંગી
મુકતાવલિ ગળામાં ગંગા તણી તમારા ૫
કટિ મેખળા શી ઝળકે મહા નર્મદા નદીની
ગાજી ચરણ પખાળે નીત સાગરો તમારા ૬

કંઠે અભય વચન છે, હૃદયે સપ્રેમ-શાંતિ
હસ્તે સુઅન્નમુર્તિ મુક્તિ પદે તમારા ૭
જયજય વિશાલ ભાલા ! જગતારણી જનુની !
ના ધન્ય કેમ અમને ? સંતાન થઇ તમારા ૮

નંદનવન અમારૂ એ

અમે તો ધર્મવીરના બાળ અમારા કર્મવીર પ્રતિપાળ
અમારી ભાર્ત ભૂમિ રસાળ **નંદનવન અમારૂં એ** ૧
કરીને તેજની પૂજા અમારાં આદ્યરૂષિઓ એ,
ઉજાળ્યું દિવ્ય હિંદુસ્તાન **નંદનવન અમારૂ એ** ૨
ગોપીચંદ ભર્તૃહરિ સમાએ અમરફળ ચાખ્યાં
અમરફળદાન દેનારૂં **નંદનવન અમારૂં એ** ૩
ભર્યાં છે ભાર્તમનુજોએ અમરનાં ધામ દેવોથી
ખરીએ માત સ્વર્ગની ખાણ **નંદનવન અમારૂં એ** ૪
શિયાળો ઉષ્ણ-વર્ષાકાળ શીખવે કાળ-મર્મો જ્યાં
ખરૂં ત્રિકાળ જ્ઞાનનું સ્થાન **નંદનવન અમારૂં એ** ૫
અલૌકિક સામ વેદોમાં ભર્યાં સંગીતના સાગર
સંગીત ધામ હિંદુસ્તાન **નંદન વન અમારૂં એ** ૬

પ્રભુએ પૃથ્વીની લીલા ચુંટીને નીંમ્યુ સંગ્રહસ્થાન
તે આ રમ્ય હિંદુસ્તાન **નંદનવન અમારૂં એ**
કમલ વનમાં રમે ભાનુ કુમુદિની વૃંદમાં ઇંદુ
અમરની આ રમણુ ભૂમિ **નંદનવન અમારૂં એ** ૮

સુવાર્ણરજ


જગને પ્રિય કલ્પલતા રૂડી ઉદ્યોગ–પ્રિયતા જ્યાં
સમય ઉદ્યોગમાં ગાળે પ્રભુની સાનુકુળતા ત્યાં ૧
હૃદયનો હોય જો નિર્ધાર તો સિદ્ધિ સમીપે છે
સ્વયત્નોમાં રહે રાચો ગુરુતેનોજ તે તો છે ૨
ભરૂંસો દૈવ પર રાખે પુરો કાયર નમાલો તે
પહેરે બંગડી હાથે કપાળે હાથ દે છે તે ૩
ઉઠાવે કામ નિજ શિરપર ભલે તજવા પડે ઘરજર
મરશે સિદ્ધિને ખાતર કરશે કંઈક પણ તે નર ૪
દીયે કર્તવ્યને જે પીઠ જાએ નર્કની વાટે
ગુમાવે ધર્મ નીતિ તે કદીએ સ્વર્ગ ના ખાટે ૫
હૃદય સાત્વિક છે જેનું પુરૂ કૌવત કમાએ છે
હૃદયથી વાણી ના નીકળે સદાએ ફોક થાએ છે ૬

પૈસાને ગણે જે પ્રાણ હુંડી તેની ના પાકી
તોલે ન્યાય પૈસાથી સ્વર્ગે તેનું ના બાકી ૭
આળસ એક મોજીલું અને બહુ મંદ પંથી છે
ગરીબી ઘેરતી તેને ઝપાટે વેગવંતી જે ૮
સદ્ગુણ, સુસ્વભાવતણી અનુપમ છે લતા સુંદર
અતિ વિખ્યાત તેનાં ફુલ સદવર્તન રૂપી મનહર ૯
લીએ જે ઓળખી નિજને એવા સંત દુર્લભ છે
કરવી કોઇની ટીકા અતિએ વાત સુલભ છે ૧૦
તમારી મરજી વશ થાશો ગરીબી હાલ ભોગવશો
હુકમ કુદરતતણા ઝીલશો અમીરી સુખ ભોગવશો ૧૧
મહત્માનાં હૃદય નિર્મળ ખરે દર્પણ સમાં રૂડાં
દુઃખી પ્રાણીતણાં પ્રતિબિંબ ભાળીરે, ઉદાસીમાં૧૨
બનો નિર્દોષના પોતે બીજાના દોષ કહેતા ના
વૃથા પુરૂષાર્થ જાએ તો કદી અટકી રહેતા ના ૧૩

રામાયણ—સાર

સીયાવર રાજપદ ત્યાગે પિતાજીના વચન ખાતર
ગયા વન વલ્કલો ધારી **રીતિ હોતેઃ એવી હો** ૧

તજીને રાજના વૈભવ સીતા સીધાય કંટકવન
થયાં તૈયાર દુઃખ સહેવાં **પ્રિતિ હોતો એવી હો** ૨
પ્રજા જન દર્શને ઘેલાં જતાં શ્રી રામ વન પંથે
રૂવે ચોધાર આંસુએ **ક્રાંતિ હોતો એવી હો** ૩
સીતાની શોધ હનુમંતે કુશળતા કષ્ટથી કીધી,
લગાડી આગ લંકાને **મૈત્રી હોતો એવી હો** ૪
સુણી હાકલ દશાનનની અખિલ બ્રહ્માંડ ડગમગતું,
વિંધાયો રામ શરથી તે **શકિત હોતો એવી હો** ૫
તજીને પક્ષ બંધુનો વિભિષણ રામગુણ ગાયે,
ઝુઝયો લંકેશની સાથે **ભકિત હોતો એવી હો** ૬
તજી સીતા સગર્ભા નાર રામે લોકના વચને,
હૃદયને વજ્ર સમ કીધું **નીતિ હોતો એવી હો** ૭
હતી નિજ પ્રાણથી પ્યારી છતાં ત્યાગી જનકસુતા
બની વિહ્વળ ચુકયા ના ધર્મ **શાંતિ હોતો એવી હો** ૮
ગુણ ભંડાર રઘુનંદન પ્રજા હિતકાર જગરાયા
પુજે જન પ્રેમથી પગલાં **ખ્યાતિ હોતો એવી હો** ૯



LOVE AT FIRST SIGHT.

ચોળી કંચુકી મારી અને આ જરકસી સાડી
તોડયો હાર મોતીનો તને કયમ લાજ ના આવે ?

[વધુ માટે જુઓ પાનું ૪૮.

કલ્પના દેવીને.

હે દેવી કલ્પના! હું નજરો ઉડાવું જયાં જયાં;
દેજો તમારાં લોચન, નૂતન નિહાળું ત્યાં ત્યાં, ૧
કરઅંગુલી ગ્રહીને, લઈજા ગગન પ્રદેશે;
વૈભવ અમરનગરનાં, દાખવ ભરેલ કયાં કયાં. ૨
તરુ પંખીઓની વાણી, સૃષ્ટિની આત્મકથની;
તુજ સંગથી સરલ તે, સુણું રહસ્ય કયાં કયાં. ૩
નક્ષત્ર, સૂર્યમંડળ, પાતાળ, સ્વર્ગ મૃત્યુ;
એના નિયમની ચાવી, દાખવ લગાવી કયાં કયાં, ૪
અનિરુધ્ધ કલ્પના! તું તજશો મને લગારે;
આ ભારરૂપ કાયા, લઈને ફરીશ કયાં કયાં. ૫
તુજ દર્શને દિવાનો, થઇ ઈંદ્રજાળ તોડું;
સંસારની હું બાજી જોઉં, ભુલ્યો છું કયાં કયાં. ૬
મુજ અંતના સમે, જો આત્મા તને નિહાળે;
તુજ પીઠપર ઉપાડી ઉડજે, "અલેક" જયાં જયાં. ૭

મુસાફરને.

મુસાફર ! છોડને અભિમાન, મારી વાત સુણતો જા
ગુમાવી ગાંઠની મુડી ધરીને ધ્યાન ધુંડતો જા. ૧
દિશાની ભૂલ તેં કીધી છતી આંખે ઠગાયો તું,
ભૂલો શાને પડયો ભાઇ ! વતનની યાદ કરતો જા. ૨
ફરીને ભર બજારે તું બની ચાલાક સોદો કર,
ખરીદી લે ખરૂં મોતી ધુતારાથી તું ડરતો જા, ૩
તને જો ભૂખ લાગે તો સદાએ ક્રોધને ખાજે,
તરસ લાગે તને પંથે શબુરી જામ પીતો જા. ૪
જગતના તાપ છે વસમા સહન થાએ ન તારાથી,
જઇ સતસંગની છાંયામહીં આરામ કરતો જા. ૫
નદીઓ માર્ગમાં ઘેરે અરે ! રોતો નહિ અટકી,
તુમડી બાંધ હિંમતની પેલે પાર તરતો જા. ૬
મળે હિંસક પશુઓનાં તને ખાવા ખુની ટોળાં,
લઇને શૌર્યની સમશેર પાપી પ્રાણ હરતો જા. ૭
ન આવે સંગ આ દુનિયા સદા મૃગજળ સમી એતો.
કમાઇ પુણ્યની મુડી અભય પંથે વિચારતો જા. ૮

કરે કાં સ્નાન જળ દેખી મલિન મન રાખીને ભુંડા !
શમદમશૌચના તીર્થોમહીં ચિરકાળ ઠરતો જા. ૯
જગત્‌ને ધુતવા ખાતર કદી બગલા ભગત બન ના,
નહિ એ રીત સંતોની સમાધી ધ્યાન ધરતો જા. ૧૦

ભૂખભંજન

હે દેવ ભૂખભંજન ! ગુણ ગાઉં શું હું તારા,
જ્યાં જોઉં ત્યાં તું હાજર ભક્તો બધાંય તારાં. ૧
પૃથ્વી-તનય કહાવે છે ધન્ય ભાગ્ય તારૂં,
નીત ઊઠીને પ્રભાતે ચરણે નમંતી દારા. ૨
સન્નારીઓ કરાવે જળસ્નાન શુદ્ધ ભાવે,
પૂજન કરંતી પ્રેમે ઉપકાર જોઈ તારા. ૩
રમણીય કરકમલથી લલના તને લીંપે છે,
ચિરકાળ તારી કાયા કરવા કરે સુધારા. ૪
તું દેવ સૌ ભુવનનો તુજ ધામ છે સુમંગળ,
દિનરાત તારી સેવા કરતાં જનો બિચારાં. ૫
મુખમાં સદાય અગ્નિ આહારમાં અંગારા,

તાપે તપે તપસ્વી ! ભોજન કરે તું સારાં. ૬
નિજ અંગ દહન થતાંએ કરતો ન તેની પરવા,
કરવા મનુષ્ય રક્ષા તેં તો લીધા ઇજારા. ૭
કદી કાળ ભંગ કરશે તારી પવિત્ર કાયા,
નિજરૂપમાં તું મળશે પરમાર્થ સાધનારા ! ૮
માનવ કુલોની સેવા પ્રાચીન સમયથી કીધી,
અંતિમ સમય સુધી તું ભરશે જીવન અમારાં ૯
પરમાર્થના નમુના ! જનપ્રિય ભૂખભંજન !
નિજ બોધ દે જનોને ગુણગાઉં નીત તારા. ૧૦

કૃષ્ણની બંસી.

અરે ઓ કૃષ્ણની બંસી ! સુરીલી મસ્ત દિવાની,
અખિલ જગ તને ચાહે કહું બંસી કે **દિલજાની** ? ૧
ભરી ભરી જામ તેં પાયા લલિત લગનીતણા જગને,
કરીને પાન શુધ ભૂલ્યાં કહું બંસી કે **મયદાની** ? ૨
પશુ પંખી ચરાચરને ચખાડી સુરની વાતી,
કર્યું ગોકુલ તેં ઘેલું કહું બંસી કે **મીજબાની** ? ૩

તારા મોહિની મંત્રો અવનિમાં રમણ કરતા,
બનાવી મસ્ત આલમ તેં કહું બંસી કે **મસ્તાની ?** ૪
અગમ નિગમતણા સાગર ધરા પર તું ભરે પલમાં,
વીણે ગુણરત્ન જ્ઞાનીઓ કહું બંસી કે **ગુણખાની ?** ૫
ઉકેલી ના શકે અજ્ઞો નથી એ વૈખરી વાણી,
ઉકેલે દેવકોટિના કહું બંસી કે **સુરવાણી ?** ૬
રસિકોની રસિકતાને મધુરસ પાઇ પોષે છે
મણાવે મ્હેજતો રસની કહું બંસી કે **રસજ્ઞાની ?** ૭
સરિતા સાગરો ઝરણાં તરૂવેલી પશુ પંખી,
નચાવે વિશ્વ આખાને કહું બંસી કે **નટરાણી ?** ૮
રમાડે હાથમાં લઈને કનૈયા કુંજમાં પ્રીતે,
કરે ચુંબન તને ધાડું કહું બંસી કે **પટરાણી ?** ૯

વસંતરાણી.

રસિકો ! **વસંતરાણી** દેવા અમોલ લ્હાણી,
આવી સજી કુસુમો દિવ્યાંગના સમાણી ૧
કોયલ પ્રતિનિધિની પંખીતણી સભાની,

પંચમસુરે સુણાવે "જય હો **વસંતરાણી**"! ૨
"જયહો સદાય સ્વાગત, જયહો કદમ મુબારક,
અભિનંદનો અમારાં લેજો કબૂલી રાણી!" ૩
સહકાર–મોર–ઝુમખા શા બાલબાલ પોયા,
ચંપાકળી–કરણફૂલ સજીને સુહાય રાણી ૪
ગું ગું ગુંજાર ભમરા! જગનાં હ્રદયકમળ પર,
ઉપરાવ એક બોલે "**લઇએ વસંત માણી**" ૫
જે સ્વર્ગમાં મલે ના પીરસાય એવી વાની,
સામિલ થઇ અનંગે આપી સરસ ઉજાણી. ૬
ચાખી ચખાવી સૌએ થોડી ઘણીય લહેજત,
થઈ મસ્ત આખી આલમ રસીલી વસંત જાણી ૭
ગોકુલ તણી ગોવાલણ મદઘેલડી બનીને
જલસ્થાનકાજ આવી ઝરણે નિહાળી પાણી, ૮
છાયી ઘટા નિકુંજે માનવ ન એક પણ ત્યાં,
આવી કદમતળે તે ઘડુને ભરંત પાણી ૯
તે. અંગવસ્ત્ર કાઢી ઝરણા સમીપ ઉતરે,
એવે નિહાળી નટવર શરમાઈ નાર શાણી ૧૦
જ્યમ ત્યમ લપેટી સાળુ છુપી કદમની ઓથે,

અર્ધી મિચેલ આંખે જોતી અઠંગદાણી ૧૧
નજરો નજર મળતાં પળવારમાં ઠરી ગઇ,
આરસ તણી પ્રતિમા સમ શોભતી રૂપાળી ૧૨
ખીલતી કમલકળીની જોડી રમે નયનમાં,
લટ કેશની શી શોભે પંક્તિ ભ્રમર સમાણી ! ૧૩
મદજોશની ભરેલી ઝંખી રહી કનૈયા
હૃદયાર પ્રેમભારે ઉચરી શકી ન વાણી ૧૪
અહીં ધ્યાન મસ્ત સુંદર શોભી રહી સમાધિ,
છલકાય પ્રેમ-ભક્તિ, શાંતિ સુધા સમાણી ૧૫
નિજભાન તે ભૂલી ગઇ જ્યાં ત્યાં શ્રી કૃષ્ણ ભાળે
એવી અનૂપલ્હાણી આપે વસંતરાણી ૧૬

ગોપીનો ગુસ્સો.

ઠગારા નંદના છૈયા ઠગારી મોરલી તારી
હજીએ ઢંગ તેના તે **તને કયમ લાજના આવે ?** ૧
કદમથી ઉતરી હેઠે કઈ ઘડીએ અહીં આવ્યો
પસારે જાળ જાદુની **તને કયમ લાજના આવે ?** ૨

સદાનો તું રહ્યો કપટી ભુલાવીને પડયો લપટી
નથી હું નાર કંઇ નકટી **તને કયમ લાજના આવે ?** ૩
કાલિંદી તટે તેં ચીર ચોર્યાં સહુ સખીઓનાં
અબોલાં ત્યારનાં તોએ **તને કયમ લાજના આવે ?** ૪
ચોળી કંચુકી મારી અને આ જરકસી સાડી
તોડયો હાર મોતીનો તને કયમ લાજના આવે ? ૫
સાસુ મારશે મેણાં, મને આ હાર જોઇને
મારો કંથ વહેમાશે **તને કયમ લાજના આવે ?** ૬
હું તો લાજવંતી નાર સાંખી ના શકું એ આળ,
કુવો ગોતવો પડશે **તને કયમ લાજના આવે ?** ૭
કુંવારી હું હતી જ્યારે ન પરણ્યો મુજને ત્યારે,
છતી બાજી ગયો હારી **તને કયમ લાજના આવે ?** ૮
કદમ, આ મોર, ને યમુના કરે છે ઠેકડી જોને
થયો શું છેક બેશરમો **તને કયમ લાજના આવે ?** ૯
સખીઓ આ ગઇ શરમાઇ વીણવા મોતીના મિષે
નજર સંતાડતી નીચે **તને કયમ લાજના આવે ?** ૧૦

ન મારો રંગ—પીચકારી.

ન છેડો નંદના લાલા તમે તો બાળ બ્રહ્મચારી
અમે ગોકુલની નારી, **નમારો રંગ-પીચકારી** ૧

અમે ગઈતી યમુના તીર નાવી હોળી રમવાને
રંગાશે ચીર અણુમોલાં **નમારો રંગ-પીચકારી** ૨

હતે અમ પાસ પીચકારી કદી ના હાર તે તમથી
સમો આવે થઈ રહેશે, **નમારો રંગ-પીચકારી** ૩

તમારી છળકપટ નીતિ છુપાવેલી છતી થઈ છે
પરા રહેજો પજવશો મા, **નમારો રંગ-પીચકારી** ૪

તલપે રંગ ઝીલવાને, તમારી રાધિકા પ્યારી,
ભિંજાવો તેમને જઈને, **નમારો રંગ-પીચકારી** ૫

તમ શું ખેલવા હોળી ઘણું મન થાય તોયે શું !
પડી પરવશ અમે કાના, **નમારો રંગ-પીચકારી** ૬

ભલે પીચકારીઓ મારો ભરીને પ્રેમ અણુનીઠયો,
અમે ના રંગમાં રાજી, **ન મારો રંગ-પીચકારી** ૭

કહો તો કુંજ પેલીમાં અમે આલિંગનો દઈએ,
કહો તો પાય પણ પડીએ, **ન મારો રંગ-પીચકારી** ૮

ફૂલરાણી.

સુવાળી સુંદરી શોભે સલુણી શ્વેત ફુલરાણી, ?
લીલી મખમલ પથારીએ રમે નાદાન ફુલરાણી. ? ૧
સમીર સંગે રૂડા રંગે સરલ સરલા રમત રમતી,
નહિ નિજ ભૂલીલાનું ભાન ભોળી નાર ફુલરાણી ? ૨
બેસી માતને ખોળે ઝુલે, ગાએ મીઠાં ગાનો,
ન જાણે દુનીઆદારી નિખાલસ નાર ફુલરાણી ? ૩
વિનોદી વાત સંધ્યાનો ચુમે આલિંગીને પ્રીતે,
ચુકાવા ચુંબનો તેનાં હલાવે મુખ ફુલરાણી ? ૪
નયન-દિશા નિહાળીને ચપળ સમીરે કહ્યાં વચનો
"રવિકર-સ્પર્શમાં મોહી મને વિસરાય ફુલરાણી ?" ૫

\+ + * + +

સંધ્યા પર થઈને સ્વાર રજની ડોલતી આવી,
રવિકર-સ્પર્શ-સુખ જાતાં બની બેચેન ફુલરાણી ! ૬
નભે ચમકી રહ્યાં ગ્રહગોળ, રજનીનાં નયન વિલોલ,
રૂચેના પેખવા તેને, બની હતઆશ ફુલરાણી ? ૭
સુતાં ખેતર, સુતાં જંગલ, સુતાં જીવ જંતુઓ સારાં
પતિ વિરહે ન લાગે આંખ રૂવે હાય ! ફુલરાણી ! ૮

રમે ઉદ્યોત કરમાં લઇ કુંજે કુંજ વન દેવી,
ગઇ મધરાત જગ ઉંઘે નિહાળે સ્વપ્ન કુલરાણી ! ૯
આવી વ્યોમથી ઉતરી સુહાગી પ્રેમની દેવી
કહે, "પતિરાજ તુજ મળશે અધીરી થાન કુલરાણી !" ૧૦
ગઇ અદૃશ્ય થઇ દેવી, પ્રભાતે સાથીયાં પૂર્યા,
નિહાળી નાચતો વાયુ, છતાં જાગે ન કુલરાણી ? ૧૧
શ્રમિત તારાગણો પ્રસ્વેદે ઝાકળ થઇ જગે ટપકે,
અહા ! તેથી વળી મૂર્છા ! સચેતન થાય કુલરાણી ! ૧૨
છવાયો માંડવો નુતન દશેદિશ શ્વેત ચન્નીનો,
ગુલાબી ઝુલ પૂર્વે જોઇને મલકાય કુલરાણી ? ૧૩
ઉડે ચંડોલ આકાશે સુનિશ્ચય લગ્નનો કરવા,
જગત્ જાણ્યું થવા સાજન પરણશે આજ કુલરાણી ! ૧૪
પંખી ગાય મંગળ ગીત શરણાઇ સમીર વાયે,
સતત તાલ દે ઝરણાં બની વરઘેલી કુલરાણી ? ૧૫
રથે ચઢીને રવિ આવ્યો સજી સુવર્ણનો જામો
રૂપેરી ચુંદડી ઓઢી રવિકર સ્હાગ કુલરાણી ? ૧૬
લાગે લગ્ન વરવહુના થજો સાવધ સહુ સાજન !
ધુંમસનો છૂટતાં પડદો મળી પતિસંગ કુલરાણી ? ૧૭

મયુરી, કોકિલા, મેના, ફટાણાં ગાઇ ગાઇને
ગજાવે માડવો આખો સુણી હરખાય ફૂલરાણી ? ૧૮
કવિ મનમોદ પામીને કરે અભિષેક અંતરનો:
"ચિરાયુહો, ચિરાયુહો રવિનૃપ સંગ ફુલરાણી" ! ૧૯

સંધ્યા.

અનેરી અસ્તગિરિની કુંજમાં, સોહંત નિજ સ્વામી.
નિહાળી પ્રેમથી રવિરાય, સંધ્યા મોદમન પામી ૧
નજર ચોરી જરા જોતી, હસી કંઇ મંદ, શરમાતી,
કહેતી: "પ્રાણ ઓવારૂં પિયુ પ્યારા ગગન ગામી. ૨
પ્રિયાનો પ્રેમ પરખીને કર્યું ચુંબન સવિતાએ,
સતીના ગાલ પર લાલી ખીલી કાઇ ના રહી ખામી. ૩
વધાવ્યાં દિવ્ય ફુલડાંએ લીધાં ઓવારણાં હરખે,
કહેતી: "એક ચુંબનમાં સકળ પરિતાપ હું વામી. ૪
પતિ પરદેશમાં જાતાં સજે સંધ્યા સતી ભગવાં
ગગનની પર્ણકુટિમાં સમાધિ પ્રેમની સાધી. ૫

રજની.

ઉઘાડી બારી સંધ્યાની કરે કો ડોકીયું તારા,
ઇશારાથી કહે "આવો રમીશું ખેલ અહીં સારા ૧
લપીને, જોઇને, હસીને ખસેડી તેજનો પડદો,
પ્રવેશી મુગ્ધ બાલિકા પ્રથમ સંધ્યા તણી તારા ૨
'સખી આવો અભય અહીં છે". કહેતાં દોડતી આવી
બીજી, ત્રીજી, અરે! નવ લાખ! વ્યાપી વ્યોમમાં તારા. ૩
* * * * * * * * * * *
ભરતી અસ્ત સાગરમાં ઉછાળે અવનવાં મોજાં,
વીણી વીણી! વ્યોમને અર્પે શકે આ રત્નની માળા. ૪
પવન પર સ્વાર થઇ પુષ્પો ઉડયાં શું કલ્પતરૂઓના ?
અગર આકાશ ગંગાના ચમકતા દિવ્ય પરપોટા ?
ગગનશ્રીએ સજ્યું શું આ ટિકીની વેલનું અંબર ?
અગર શું સ્વર્ગના ભંડારમાં ચમકી રહયાં મોતી ? ૬
અરે શું વિશ્વના શિર પર મુગટ હીરાકણીનો એ ?
અગર રજની સતી દીપમાળ પ્રગટાવી પતિ સ્મરતી ૭
* * * * * * * * * * *
સંતા કુકડી આ વિશ્વ રમતું ઘોર અંધારે,
ગગન શ્રી ગોતતી ફરતી લઇ નક્ષત્ર દીપકને ૮

કાળો બુરખો ઓઢી દશે દિશા બની બાહુક,
ગગનશ્રીને કરી ભયભીત અંતે હાર ખવરાવી. ૯
હસીને પૂર્વ દિશાએ પતાકા તેજની લીધી,
ગગનશ્રીએ તિમિરનું શાપ દઇ કાળુંવદન કીધું. ૧૦

હાશ ! લાડકડી !

અમારી જાત અબળાની વિધિને ત્યાંય લાડકડી,
ઘડીછે લાડમાં ને લાડમાં અમ કાય લાડકડી
કરવા લાડકી જગમાં ઘડી સૌંદર્ય ચુંટીને,
સમય નવરાશનો સાધી કળા અજમાવી લાડકડી ૨
લાડે ચંદ્રવદની કહી કવિ કો મુખકમળ કહીને,
કમળનયના કહી લાડે અમે તો નાર લાડકડી. ૩
અમે ના હોત અવનિમાં હતે શૃંગાર રસ શાનો?
રસિક સંસાર કરવાને કહે સૌ કોઇ લાડકડી. ૪
અમે સૃષ્ટિ તણી જનની અમે કુદરત અમે માયા,
ખિતાબો એ અમે પામ્યાં કહે ના કોણુ લાડકડી. ૫
અમારા નગ્ન અમૃત-પાનમાં મુસ્તાક થઇ થઇને,
અલખ બસ પ્રેમનો જગવે લઈને નામ લાડકડી. ૬
પુરવા લાડ ગોપીના કનૈયા રાસમાં રમતા,
કહો કયમ ધન્યના કહેશો અમારી જાત લાડકડી. ૭

રસિકોએ અમારી તો રચી રસબોળ રસકથની
વિયોગે કો ધરે કફની, મરે લઇ નામ લાડકડી. ૮
નખશીખ લે મઢી અમને અલંકારે પીયુ પ્રેમી,
કહે મલકાવીને મુખડું" હું તો કુરબાન લાડકડી. ૯
અમે નમીએ રસીલાને રસીલાઓ નમે અમને,
ચડીએ પ્રેમ–હિંડોળે કહેતાં નાર લાડકડી. ૧૦
અમારી વાણીમાં ફુલડાં ખરે પગલે પડે મોતી
વીણી રશીચા સજી તેહાર કહેતા હારા લાડકડી ૧૧

ચટપટી.

કરે આ કાગડીની પંચ કા, કા, કા. હૃદય–બાળે,
બિચારા પોપટો ને મોર કોયલ સૌ સુણી ભાગે.
દુખે શિર, શાંતિ લય પામી, ચડયુંછે ચિત ચકડોળે,
ડુબ્યું મન દુઃખ દરીઆમાં રૂદન કરતું મને લાગે. ૨
દીસેના સૂર્ય ! ઉડંતા હૃદય–આકાશમા કાગો,
હૃદય કમળે બિડાયું છે, અહણ લાગ્યુ મને લાગે. ૩
તિમિરની શી ઝડી લાગી છવાયો કંપ રોમોમાં
ભરાયા અશ્રુના સાગર પ્રલયનો કાળ એ લાગે. ૪

કરી ચંચુ પ્રહારે ઘા હૃદયને હાય ! ચીરેછે,
હૃદયને ફોલીને તે શુન્યવત કરશે મને લાગે. ૫
વદન પર ને બદન પર જો છવાયો કાગ–રંગ કાળો'
ખરે સૌ ચટપટી તો કાગડીની પંચ મન લાગે. ૬

લાડકડી.

પજવશો ના મને કોઈ હું અબળા જાત લાડકડી,
દુભવશો ના કટુ વચને હું કોમળ નાર લાડકડી, ૧
નથી કંઇ વડી જતાં દશમાર મારાં માવતરને બાગ
હુંતો આંધળાની આંખ, હૈયા હીર લાડકડી. ૨
મેણાં મારશો મુજને જખમમાં હું મરીશ તેના,
તમને તો બીજી મલશે ખુએ મા બાપ લાડકડી. ૩
મોતીના અલંકારો અગર ફુલો તણી શય્યા,
અકારાં વ્હાલ વીણુ લાગે હું પ્રેમાધીન લાડકડી. ૪
તમારાં ભાવવિણુ ભોજન કડવાં ઝેર લાગે છે.
સુકા પણ પ્રેમના ટુકડે ગણું આનંદ લાડકડી ૫
નહોતી સીચવી ત્યારે કહો શીદ આણીને રોપી !
સુકાઉ પ્રેમ–જળ વિના હું અબળા–વેલ લાડકડી ૬
ન શીખવી આવડે કોને કદાપિ પ્રીતની રીતિ
સમુદ્રો પ્રેમના ઉભરાય ત્યાં રક્ષાય લાડકડી. ૭.



અમે ગઈતી યમુના તીર નાવી હોળી રમવાને
રંગાશે ચીર અણમોલાં ન મારો રંગ પાચકારી

[વધુ માટે જુઓ પાનું ૪૯.

પરણીને પિડાવાનું.

કુંવારા કાળમાં ગમતું પરણીને રિઝાવાનું,
પછીતો નીત ચમચમતું **પરણીને પિડાવાનું** ૧
છૈયાંનું વધ્યું દળદર થયાં અર્ધો ડઝન પુરાં,
બધાં કાજે રળું હું એક **પરણીને પિડાવાનું**. ૨
કોઇ માગતું માવો નહીં કો માગતું મંજા,
કોઈ માગતું સુરવાલ **પરણીને પિડાવાનું**. ૩
ઘડાવું સાંકળાં ત્યારે કરકસા માગતી કંઠી,
પછીતો બંગડી માગે **પરણીને પિડાવાનું**. ૪
ઊઠી નીત રોજ તે વઢતી સુતાં પણ ખુબ ઉકળતી
સ્વપ્નામાંય બડબડતી **પરણીને પિડાવાનું**. ૫
ન ભાવ્યું ઉજળું મોઢું ચઢાવ્યો તોબરો જાણે,
મરણ સારૂં મને એથી **પરણીને પિડાવાનું**. ૬
સગાં મારાં કદી આવે થતી રાતી પીળી રંડા,
વાસણ પર કહાડે રોષ **પરણીને પિડાવાનું**. ૭
અકાળે છોકરાં ભોંયે ચુંટીદે તાણી તાણીને,
રડારોળે ગજાવે પોળ **પરણીને પિડાવાનું**. ૮
પછી તો પોટલી બાંધી પિયર તેને વળાવી મેં,
હવે હું ના કદી માગીશ **પરણીને પિડાવાનું**. ૯
પરણવામાં મળે એ સુખ તો હું હાથ જોડું છું,
ભલું વાંઢાપણું એથી **પરણીને પિડાવાનું**. ૧૦

છતાં માને નહિ મુરખો

હું પદમાં ભાન ભૂલી જાય, માયાનો સજી બુરખો,
ખમે ઠોકર, કુટે માથું, **છતાં માને નહિ મુરખો** ૧
કહો સવળું ગણે અવળું મતિ એની ઉંધી લટકે
ઘરેઘર શ્વાન સમ ભટકે **છતાં માને નહિ મુરખો** ૨
ભલાના બોલ બે કહેતાજ માથાવાઢ તે લાગે,
પછી પસ્તાય તે પુરો **છતાં માને નહિ મુરખો.** ૩
ભલાની આ નથી દુનીઆ વધું કહેતાં વધે વાદે,
નડે નવગ્રહની ગોડે **છતાં માને નહિ મુરખો** ૪
ભુંડેરા ભોગ ભાળીને ભમે ભ્રમણા મહીં ભૂંડો,
કરે ઘર રાજરોગ તણું **છતાં માને નહિ મુરખો** ૫
બળતા ઘરમહીં દોડે તજે છે પ્રાણ ધન સાટે,
"મરતા મોહતજ" કહીએ **છતાં માને નહિ મુરખો** ૬
વિષને માનીને અમૃત રહે છે મસ્તમન પાજી,
છતું અમૃત ધરો સામે **છતાં માને નહિ મુરખો** ૭
જ્ઞાનીની પુરવ દિશા ગણે એ નીત આથમણી,
કહો એ મેળ કયાં બેસે ? **છતાં માને નહિ મુરખો** ૮
ગાડરીઆ પ્રવાહે જાય મુરખા કસાઈ વાડે
મહાજન આવતા આડે **છતાં માને નહિ મુરખો** ૯
અજ્ઞાની સુખે સમજે વધું અજ્ઞાની તો સહેજે;
દુર્વિદ્ધને અજ કહે **છતાં માને નહિ મુરખો** ૧૦

પુરો પંડીત તે લાગે.

હતો બ્રાહ્મણ મહાજ્ઞાની વસ્યાંતા વેદ જિહ્વાગ્રે,
પ્રસરી રહી હતી ખ્યાતિ **પુરો પંડીત તે લાગે.** ૧
શીખાવે "આત્મવત્ સર્વ ભૂતેષુ" પાઠ શિષ્યો ને,
ન તે વર્તનમહીં જોયું **પુરો પંડીત તે લાગે.** ૨
અતિ વરસાદની ઝડીમાં અજા ઘુસી ગઈ ઘરમા,
ભરાયો ક્રોધ બ્રાહ્મણમાં **પુરો પંડીત તે લાગે!** ૩
અજા ધૂજે અતિ ઠંડે છતાં ભટ મારતો ડંડે,
પડાવે બૂમ બેં બેં બેં **પુરો પંડીત તે લાગે!** ૪
બકરી દોડતાં ઘરમાં કુટી ગઇ પાણીની ગોળી,
પકડી બે પગો પટકી **પુરો પંડીત તે લાગે!** ૫
અંતે મારી મારીને કરી મુકી પગે લૂલી,
ભગાડી પુંર હેલીમાં **પુરો પંડીત તે લાગે!** ૬
ઘુસી ગઇ આવી ઝટ મુજ ઘેર ખાવા મેં દીધું થુલું,
ખાતાં 'બેં' કરી બોલી:—"**પુરો પંડીત તે લાગે**"! ૭
અરેરે! વાણીને વર્તન મહીં શું આવડું અંતર?
મને ચંડાળની પ્રતિમા **પુરો પંડીત તે લાગે.** ૮

છઈએ સહોદર આપણે.

સરજ્યાં વિભુએ માનવી, તે સૌ સહોદર આપણાં,
કરી ગાઢ પ્રેમે પરસ્પરે, સૌ એક થઇએ આપણે. ૧
આ ઉચ્ચ માનવમાર્ગ, માનવધર્મ ને સત્કર્મથી,
હેઠે પડયાં ઉઠાડીએ, **છઈએ સહોદર આપણે.** ૨
કંઈ કંઈ દુરાચારે ચડી, ઘસડાઇ જાતાં રંક આ,
એ બુડતાંને તારીએ **છઇએ સહોદર આપણે.** ૩
ચઢવા મથે કો બાપડાં, નાધાર થઇ નીચે પડે,
લો હાથ તેનો સાહીએ, **છઇએ સહોદર આપણે.**
જાગ્યું બધું જગ, ને મહા ઉદ્યોગમાં મંડી પડયું,
તો એહીને ઢંઢોળીએ, **છઇએ સહોદર આપણે.** ૫
જગમાં મચ્યો મહાશોર, જીવનનો પ્રબળ સંગ્રામ આ,
આ બધિરને સંભળાવીએ, **છઈએ સહોદર આપણે** ૬
કંટક ભર્યાં ખાડા અને ટીંબા મુશીબત માર્ગમાં,
નહિ દેખતાંને દોરીએ **છઇએ સહોદર આપણે.** ૭
જગ ને જીવન સુકું જુએ, ઉર્મિ અને ઉત્સાહના,
આશા-અમી ત્યાં સીંચીએ, **છઇએ સહોદર આપણે** ૮
આ જાતથી તે જન્મથી મહા બંધને બાંધ્યાં રહ્યાં,
એ ગાઢ બંધન તોડીએ, **છઇએ સહોદર આપણે** ૯

જુનાં પડળથી ના જુવે, કર્તવ્ય માનવ જાતનું
ત્યાં દિવ્ય અંજન આંજીએ, **છઇએ સહોદર આપણે** ૧૦
આનંદને ઉત્સાહ જીવનમાં ભરી ભરપૂર, ને
મીઠું જીવન બતલાવીએ, **છઇએ સહોદર આપણે** ૧૧
નવમલ્લિકાની વેલ ચાહે જો અશોકે લપટવા,
શીદ બાવળે વળગાડીએ **છઇએ સહોદર આપણે** ૧૨
મોંઘાં મુલો વિધવિધગુણે ફુલડાં ખીલેલાં વાડીએ,
સંભાળી ઐક્ય ગુંથાળીએ **છઇએ સહોદર આપણે** ૧૩
છે "દયા ધર્મનું મુલ" ને "સૌ આત્મવત્ છે પ્રાણીઆં"
એ મંત્ર ઉર ઉતારીએ **છઇએ સહોદર આપણે** ૧૪
ફળવંત કોનું કલ્પદ્રુમ જોઇ નહિ મન બાળીએ,
જઇ મુળમાં જલ સીંચીએ, **છઇએ સહોદર આપણે** ૧૫
વસુંધરાનાં રત્ન અંધારે પડયાંને ખોળીએ,
ખરી ખંતથી અજવાળીએ **છઇએ સહોદર આપણે** ૧૬
ગુણવંત ગવરી ગાયના પયપાન કરતાં વાછરૂ,
રે રે ! કદી ન વછોડીએ, **છઇએ સહોદર આપણે** ૧૭
ઉંડી અનેરી રત્નવંતી જ્ઞાનખાણ ખણાવીએ,
દો દાન દીનતા દાટવા **છઇએ સહોદર આપણે** ૧૮
આચાર ને વિચાર કેરી સૌમ્ય સૃષ્ટિ સજાવીએ,
સ્વર્ગીય નાદ ગજાવીએ **છઇએ સહોદર આપણે** ૧૯

મનનાં નીર ના ઢાળો.

ઘડીમાં આ ભણી ઢાળો, ઘડીમાં તે ભણી ઢાળો,
બનીને છેક બે દરકાર મનનાં નીર ના ઢાળો. ૧
જશે થઇ ક્ષીણ તે ઝરણું રણોની તપ્ત વેળુમાં,
અરે ! અદૃશ્ય થઇ જાશે, મનનાં નીર ના ઢાળો. ૨
દિને દિન લો કરી સંચય, પળે પળ શાંતતા સાધો,
કદાપિ ખળભળાવી તેહ મનનાં નીર ના ઢાળો. ૩
તરંગો મૂર્ખતાવાળા કરી, મન ના કરો મેલું,
રાખી સ્થિર મળ વામો, મનનાં નીર ના ઢાળો. ૪
નથી દુષ્પ્રાપ્ય કો વસ્તુ જગતમાં શાંતિને સારૂ
સુલભ છે સાનુકુળ કુદરત,મનનાં નીર ના ઢાળો. ૫
વસશે દિવ્ય અસ્તિત્વ પ્રભાવોનાં કિરણવાળું,
અહા ! તે રમ્ય નૂર નિદાન, મનનાં નીર ના ઢાળો. ૬
કરો નીર નિર્મળાં મનનાં, ઝલક જો જો ઊઠે છે શી ?
તમારૂં ન્યાળશો પ્રતિબિંબ, મનનાં નીર ના ઢાળો. ૭
સકલ સૃષ્ટિતણી શોભા સહજ અવલોકશો તેમાં,
સમે તે શાંતિ પદ લેશો, મનનાં નીર ના ઢાળો. ૮
ખગ, મૃગ સિંહ આદિ સૌ તૃષા સંતો ખશે નિજની,
નમશે પ્રેમ પણ આવી મનનાં નીર ના ઢાળો. ૯

નૂતન વર્ષાભિનંદન

(મેમાન થયા તમે મારા)

આ નૂતન વર્ષની માલા, શણગારશો ગુણવંતા,
અમ સ્નેહ કુસુમની માલા, સ્વીકારશો ગુણવંતા. ટેક
વીણી માલતી, ચંપક કળીઓ. મહીં ગુલાબ ભેળો ભળીયો,
લઈ તાર ગુંથેલી માલા, શણગારશો ગુણવંતા, ૧
કંઇ વર્ષ ગયાં સંસારે, એક વર્ષ વધે અત્યારે
એ સંવત્સરની માલા, શણગારશો ગુણવંતા. ૨
મલયાચલ વાયુ શીતલ સુગંધિત વહે મહીતલ,
તે સમિર-તરંગની માલા, શણગારશો ગુણવંતા. ૩
સહુ સૂર્ય ઉદયનાં કિરણો, વિધ વિધ ભર્યાં મહીં વર્ણો,
તે રત્નકિરણની માલા, શણગારશો ગુણવંતા. ૪
શુભદાન, માન, યશ, વિદ્યા, પરમારથ, ભકિત, લજ્જા
એ સર્વ ગુણોની માલા, શણગારશો ગુણવંતા. ૫
જે દિવ્ય ભર્યાં આકાશે, નવનિધતણાં ચોપાસે
તે દિવ્યમણિની માલા, શણગારશો ગુણવંતા. ૬

પ્રતિજ્ઞા હો તો એવી હો!

અરે ઓ હિંદના બંદા, પ્રતિજ્ઞા લો તો એવી લો. ?
છુટેનાં પ્રાણ જાતાંએ, પ્રતિજ્ઞા હો તો એવી હો ! ? ૧
બંધુ પ્રેમને કાજે રડાવી, માત કૈકેયી.
ભરત દે રાજપદ ત્યાગી, પ્રતિજ્ઞા હો તો એવી હો !? ૨
દ્રોણાચાર્ય ટેકીએ, દ્રુપદનું તોડવા અભિમાન.
બતાવ્યો હાથશિષ્યોનો, પ્રતિજ્ઞા હો તો એવી હો !? ૩
વરાવી મત્સ્યગંધાને, પિતાસંગ ભીષ્મપિતાએ.
અડગ બ્રહ્મચર્યવ્રત પાળ્યું. પ્રતિજ્ઞા હો તો એવી હો !? ૪
શિખાબંધન દીધું છોડી, સુણી અપમાન ચાણાક્યે
નંદનવંશ–જડ બાળી, પ્રતિજ્ઞા હો તો એવી હો !? ૫
કટુ વચનો દુઃશાસનનાં. સુણીને દ્રૌપદી લાજી.
રૂધિર પીધું ભીમે રણમાં, પ્રતિજ્ઞા હો તો એવી હો!? ૬
કર્યું વ્હાલું ન રાજ્યાસન, દીધું છોડી હરિશ્ચંદ્ર.
કરી ચંડાલની સેવા, પ્રતિજ્ઞા હો તો એવી હો ? ૭
પ્રતાપે શિરને સાટે, ન છોડયું લેશ પ્રિય સ્વમાન.
તૃણની પાથરી રાખ્યા, પ્રતિજ્ઞા હો તો એવી હો ? ૮

તૈયાર છે ? તૈયાર છે ? ?

સચિત્ર

ચતુર સુંદર સ્રી વિલાસ

અથવા

મનહર સરળ ગરબાવળી

કીમત ૧-૦-૦

ખાસ ગ્લેઝ ઉંચા કાગળ સુંદર છપાઇ અતિ મનહર સુંદર ટાઇટલ બે કલરવાળું ઉચ્ચ શૈલીમાં તદન સ્વચ્છ સુવાચ્ય શબ્દો ની અત્યુતમ આ બુક છે આ નામની બીજી બુકો ખરીદવા પુર્વે હમારી બુક અવસ્ય જોવી. જોવાથી ખાત્રી થશે કે હાથ કંકણને આરસીની જરૂર નથી. અમારી તમામ બુકો દરેક આબરૂદાર વેપારીઓ પાસેથી મળશે.

મળવાનાં મુખ્ય સ્થળો.

સાકરલાલ બુલાખીદાસ અમદાવાદ રીચીરોડ
પુંજાલાલ ભગવાનદાસ વઢવાણ શહેર
યંગ ભારત ઓફીસ-ભરૂચ
સુરતના તમામ બુકસેલરો
વશનજી પરમાનંદ ચાહવાળા મુંબાઇ કાલબાદેવી રોડ મુંબાઈ
ગોરધન પરશોતમ પ્રીન્સેસ સ્ટ્રીટ મુંબાઇ.

આ ટાઇટલ પેજ સુરત "ભારત" પ્રેસમાં મગળદાશ જેક્શાશનદાસે છાપ્યું.

પ્રેમ મુગ્ધ



મદ જોશની ભરેલી, ઝંખી રહી કનૈયા,
હૃદયધાર પ્રેમ ભારે, ઉચ્ચરી શકી ન વાણી

[વધુ માટે જુઓ પૃષ્ઠ ૪૫.